# કોશિશ થી કામયાબી

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ મે - ૨૦૨૨, અંક નં. ૧૧૩ / ૪૭૯




શ્રી વામનભાઈ પારેખને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ - અભિનંદન

પેજ નં. પાંચ ઉપર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 May - 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર


માધ્યમિક શાળામાં શ્રવણમંદોને સાઈકલ સહાય


શુભેચ્છા સમારંભ


શ્રી બાબાભાઈના જન્મ દિવસની ઊજવણી


ચિ. દ્યુતીના જન્મ દિવસની ઊજવણી


શ્રવણમંદ બાળકીઓની ગણેશ વંદના

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . . ૦૪
- ૨જી એપ્રિલ વર્લ્ડ ઓટિઝમ ડે . . . . . . . . . . . . . ૦૫
- અભિપ્રાય . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૬
- PNR - TTC - વિઝ્યુઅલી ઈમ્પાયર્ડ . . . . . . . . . ૦૬
- PNR હોસ્પિટલ - ડેન્ટલ વિભાગ . . . . . . . . . . . ૦૭
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . . ૦૮
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૮
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૦૯
- ‘હાઈટેક‘ ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . . . ૧૦
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક . . . . . . . . . . . ૧૧
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . . . ૧૨
- સંસ્થા મુલાકાત . . . . . . . . . . . . . . . . . . . ૧૨
- બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) . . . . . . . . ૧૩
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૪
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય . . . . . ૧૫
- શ્રીમતી વિ. ર. ઓ. સંઘવી સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ . . ૧૫
- શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા - મહેતા છાત્રાલય . ૧૬
- પી.આર.વી. કૃત્રિમ સાધન સહાય વર્કશોપ . . . . . . ૧૬
- નટરાજ લાઈબ્રેરી . . . . . . . . . . . . . . . . . . ૧૭
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ . . . . . . . . . . . . . . . ૧૭
- ‘અંકુર‘ મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૧૮
- સ્લો લર્નર . . . . . . . . . . . . . . . . . . . . . ૧૮
- દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ . . . . . . . . . . . . . ૧૯
- દિવ્યાંગ લાભાર્થીઓને સહાયમાં ઈજાફો. . . . . . . . . ૧૯
- નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલા પુસ્તકો . . . . . . . ૧૯
- દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિશેષ સવલતો આપવા બાબત. . ૨૦
- Donation List. . . . . . . . . . . . . . . . . . . . ૨૧
- દિવ્યાંગોની સાફલ્ય ગાથા. . . . . . . . . . . . . . . ૨૧
- દિવ્યાંગો દ્વારા હર્ષોલ્લાસ સાથે ફાગુનોત્સવ-૨૦૨૨ની ઉજવણી . . . . . . . . . . . . . ૨૨
- ‘અંકુર’ મંદબુદ્ધિવાળા બાળકોની શાળાનો પ્રવાસ. . . . ૨૨
- PNR સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**‘કોશિશ થી કામયાબી’** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## સ્પેશ્યલ ખેલ મહાકુંભ

‘ગુજરાત મોડલ’ ને અસરકારક બનાવવા હાલના યશસ્વી પ્રધાનમંત્રી અને તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાતના યુવાનોને રમત-ગમતના ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા, ટીમવર્ક અને નેતૃત્વના ગુણો ખીલવવા, ‘રમશે ગુજરાત-જીતશે ગુજરાત’ ના નારા સાથે ૨૦ ડિસેમ્બર ૨૦૧૦ ના રોજ અમદાવાદ ખાતે ‘ખેલ મહાકુંભ’ નો શુભારંભ કરેલો. સ્પોર્ટ્સ ઓથોરેટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત આ મહાકુંભમાં ગ્રામ્ય વિસ્તારથી લઈ, રાજ્ય કક્ષાની અનેક રમતો માટે ૧૦ લાખ બાળકો, યુવા-યુવતીઓએ રજીસ્ટ્રેશન કરાવેલું. જ્યારે આજે ૨૦૨૨માં આ આંકડો ૪૦ લાખે પહોંચ્યો છે અને તેમાં ૩૪ ઉપરાંત રમતો સામેલ કરાયેલ છે.

ખોડખાપણવાળા વિકલાંગ બાળકો-યુવાનોને સામાજિક-માનસિક રીતે મહિમામંડિત કરવા, શ્રી મોદી સાહેબે ‘દિવ્યાંગ’ જેવું પ્રોત્સાહક વિશેષણ આપ્યું. અને ૨૦૧૨-૧૩ થી ગુજરાત સરકાર દ્વારા એમ.આર, સી.પી. વિગેરે વિકલાંગતા ધરાવતા દિવ્યાંગો માટે ‘સ્પેશ્યલ ખેલ મહાકુંભ’ શરુ કરાયો. ચાલુ વર્ષે પણ આપણી સંસ્થાઓના દિવ્યાંગ બાળકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.

જિલ્લા અને રાજ્ય કક્ષાએ યોજાતા આ સ્પે. ખેલ મહાકુંભમાં વિજેતા દિવ્યાંગોને ગોલ્ડ, સિલ્વર-બ્રોન્ઝ મેડલ ઉપરાંત રૂા. ૧૦,૦૦૦/- થી રૂા. ૧૦૦૦/- સુધી રોકડ રકમ આપી પ્રોત્સાહિત કરાય છે, જે અભિનંદનીય છે.

વિવિધ વિકલાંગતાઓ માટે, અધિકૃત સંસ્થાઓ દ્વારા નેશનલ કક્ષાએ ‘સ્પોર્ટસ ઈવેન્ટ’નું આયોજન થાય છે. જેમાં આપણી PNR સોસાયટી સંલગ્નિત સંસ્થાઓ પણ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરે છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. આશા રાખીએ કે આ સ્પે. ખેલ મહાકુંભના મૂળભૂત હેતુઓ સિધ્ધ થાય.

**કિરીટ રાઠોડ**

**Education is what remains after one has forgotten what one has learned in school.**

**— Albert Einstein**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૧૩ / ૪૭૯**
  ૧૫ મે - ૨૦૨૨
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- ‘કોશિશ થી કામયાબી’ લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક “શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર”ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **નેહલ ત્રિવેદી**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ Nataraj C.P. School in News

Nataraj Cerebral Palsy Special School of the PNR Society having celebrated FALGUNOTSAV 2022 and organizing diagnostic and treatment camps of Dr. Dhaval Solanki (Neuro-padiatrician), Dentist Dr. Krutiben Shah for wards of its school and above all, guardians meetings for care at home of such special children have been a great leap forward for the noble cause of educating and mainstreaming of these children. This is not all. Principal Smt. Jignaben Solanki of the school has presented characters of Autism in this issue. Besides, the principal extended her services to local Silver Bell School for helping slow-learners.

### ◈ KLID Scores Again

The K. L. Institute for the Deaf (KLID) took a maiden step of educating their students of Secondary and Higher Secondary schools in traffic and cyber crime and safety to women / girls by inviting ASP Shri Safinhasan Sir and PI Shri J. R. Bhachkan and other experts. Farewell function for Std. X$^{th}$ and XII$^{th}$, placement of Std. XII$^{th}$ passed students, supply of aids, etc. have been their other chief activities. KLID's workshop producing artificial limbs and appliances organized 3 free camps for the needy and supplied total number about 60 artificial aids and limbs. Mrs. Kavita Shah, Special Educator having bagged Late (Smt.) Nandini P. Divatia Best Teacher Award for the Year 2021 by The National Society for Equal Opportunities for the Handicapped, India (NASEOH), Mumbai has once again brought KLID in front of education of the deaf.

### ◈ Other Salient Activities

Wards of Ankur Special School for Mentally Retarded attending state level Health Checkup at Amdavad (organized on the eve of Platinum Jubilee (Azadi Ka Amrit Mahotsav) of Independence); Drawing Workshop and celebration of Grahak Saptah, Green Day, World Sparrow Day and debate on Education of PNR High-Tech Inclusive School, Resuming activities of Shri B. K. Parekh Parkinson's Support Group and free and charitable medical services of PNR Special Hospital besides important information for the disabled have been flashed in this issue.



# ૨જી એપ્રિલ વર્લ્ડ ઓટિઝમ ડે ...

- જિજ્ઞા સોલંકી

(બી.એડ. સ્પેશ્યલ એજ્યુકેશન (C.P.), બેઝિક ડેવલપમેન્ટ થેરાપી)

**'અતડા રહેતા, આંખ મેળવીને વાત ન કરતા બાળકની અવગણના ન કરો, આ બાળક ઓટિઝમ હોય શકે છે.'**

**- ડૉ. રિતુ ભટ્ટ**

(બેચલર ઈન ઓક્યુપેશનલ થેરાપી)

ઓટિઝમ એ વિકાસાત્મક ગડબડ છે, જે બાળકની વાણી વ્યવહારની ક્ષમતાને અસરગ્રસ્ત કરે છે. સાથે જ 'ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર' જે બહોળી માત્રામાં આ સ્થિતિના એવા લક્ષણોનો સમૂહ છે, જેમાં સામાજિક કૌશલ્યો, પુનરાવર્તિત વર્તન, વાણી અને અવાચિક વાતચીત અસર-ગ્રસ્ત જેવા લક્ષણો જોવા મળતા હોય છે. જેવા કે ચાઈલ્ડ હૂડ ડિસઈન્ટીગ્રેટેડ ડિસઓર્ડર(CDD), પરવેસીવ ડેવલપમેન્ટલ ડિસઓર્ડર (PDD) અને એસ્પરગર સિન્ડ્રોમ મુખ્યત્વે છે.

ઓટિઝમની શરૂઆત બાળકોના જન્મના પ્રથમ ૩ વર્ષ દરમ્યાન જોવા મળે છે અને બાળકના જીવનપર્યંત આ સ્થિતિ રહે છે. જો કે કેટલાક લક્ષણોમાં સમય જતા વહેલાસરની સારવાર, વિશિષ્ટ શિક્ષણ અનો તાલીમથી સુધારો આવે છે. કેટલાક બાળકોમાં ઓટિઝમના લક્ષણો તેના જીવનના પ્રથમ ૧૨ માસથી જ દર્શાવવા લાગે છે અને કેટલાકમાં તે ૨ થી ૪ વર્ષની ઉંમરના થાય ત્યારે જોવા મળે છે. જેના કારણે તેના વિકાસના તબક્કામાં શીખવામાં વિલંબ, નવા કૌશલ્યો શીખવાની અસમર્થતા ઉભી થાય છે.

### ઓટિઝમ બાળકોના પ્રાથમિક લક્ષણો :

- આઈ કોન્ટેક - નજર મિલાવીને વાત કરવાની મુશ્કેલી.
- પોતાનું નામ પૂછે તો કહી ન શકે.
- કેટલાકને બીજાનો સ્પર્શ કે હાજરી ન ગમે.
- ભાષા કૌશલ્યનો અભાવ.
- સામાજિક વ્યવહારનો અભાવ. જેમાં બાળક સ્મિત જેવા હાવભાવ ન દર્શાવે, લાગણીઓ ન દર્શાવે.
- દુઃખ, ભય, અજંપો, બિલકૂલ ન હોય અથવા અતિશય દર્શાવે.

### ઓટિઝમના ગંભીર પરિબળો :

- સ્ત્રીઓ કરતા પુરુષોમાં વધુ પ્રમાણ.
- કૌટુંબિક ઈતિહાસ.
- વારસાગત કારણો જેમાં ફ્રેજાઈલ એક્સ સિન્ડ્રોમ, રેટ સિન્ડ્રોમ.
- વાલીની ઉંમર.
- અધૂરા મહિને જન્મ.

### ઉપચારાત્મક અભિગમો :

- ઓક્યુપેશનલ થેરાપી : જેમાં ખાસ કરીને ઓટિઝમ બાળકોના સંવેદનાત્મક કૌશલ્યોનો વિકાસ કરવો અને તેની ગડબડોને સુધારવી.
- વર્તન સુધારણા કાર્યક્રમથી ઓટિઝમ બાળકના વ્યકિતગત અસંયમિત વર્તનોમાં સુધારો લાવી સામાજિકરણ કરવું. જેમ કે, જાહેર સ્થળો, શાળા, ફિલ્મ થિયેટર, મંદિર વગેરેમાં બાળકને પરિસ્થિતિ સાથે અનુકૂળ બનાવવુ, સંમિલિત થવા પ્રેરણા આપવી.
- વાણી, ભાષા અને વાતચીતના કૌશલ્યોનો વિકાસ કરવો અને તેના

---

પી.એન.આર. સોસાયટીમાં ઓટિઝમ બાળક માનવેન્દ્ર રાણાની ૧૫ વર્ષ સુધી સતત સારવાર કરાવીને પુનઃસ્થાપન થયેલ બાળકના માતા ભાવનાબા રાણા, PNR સંસ્થા અને નટરાજ સી.પી. સ્કૂલના આચાર્યનો આભાર વ્યકત કરતા જણાવે છે કે, ''માનવેન્દ્ર ઓટિઝમગ્રસ્ત બાળક હોય, બાળપણમાં ખૂબજ ચંચળતા ધરાવતો હતો, પરંતુ યોગ્ય તાલીમ, પી.એન.આર. સોસાયટીમાં આપાવેલ ઓક્યુપેશનલ થેરાપી અને મેડિસિનાની મદદથી આજે યુવાન વયનો થતા સુધીમાં તેનામાં ઘણોજ સુધારો દર્શાવે છે, હવે તેની ચંચળતા ઘટી ગઈ છે, પૂરા વાક્યમાં વાતચીત કરી શકે છે. સ્પોર્ટ્સમાં બાસ્કેટ બોલ જિલ્લા, રાજય તેમજ અન્ય એથલેટિક રમતોમાં રાષ્ટ્રિય સ્તારે શ્રેષ્ઠ ખેલાડી બની



સિધ્ધિ મેળવેલ છે. ઘરેલું કાર્યોમાં નિપુણતા મેળવી માતા-પિતાને મદદરૂપ બન્યો છે. જીવનમાં વધુ આગળ સિધ્ધિઓ પ્રાપ્ત કરે તે માટે તેઓ પ્રયત્નશીલ રહેશે.'' તે વિશિષ્ટ બાળક છે પરંતુ તેની સુશ્રુષા અને કાળજી લેવા માટે ચાર વખત **બેસ્ટ માતાનો એવોર્ડ** મેળવી ચૂકેલા ભાવનાબા રાણા પોતાની ખુશી વ્યકત કરે છે અને અન્ય વાલીઓને પણ બાળકમાં ઓટિઝમના લક્ષણો જણાતા તુરંત PNR નો સંપર્ક કરવા જણાવે છે.

**- ભાવનાબા રાણા (બાળકના માતા)**

માટે જરૂરી વિશેષ એપ, સાધનોથી વાણી વ્યવહાર સરળ કરવો.

♦ ટેકનોલોજી સાથે વિશિષ્ટ શિક્ષણ, બાળકને સામાન્ય જીવન માટે સુગમ બનાવે છે.

♦ દૈનિક જીવનના કાર્યોની તાલીમ દ્વારા સ્વતંત્ર જીવનશૈલીમાં લાવવા.

**PNR નટરાજમાં ઓટિઝમ માટે ઉપલબ્ધ સેવાઓ :**

♦ ઓક્યુપેશનલ થેરાપી, અર્લી ઈન્ટરવેન્શન, હાઈડ્રોથેરાપી, સ્પીચ થેરાપી, પ્રાથમિક શિક્ષણ, ઈન્કલ્યુઝિવ એજ્યુકેશન, ટૂંકાગાળાની તાલીમ દરમ્યાન હોસ્ટેલ સુવિધા

સમય : **સવારે ૧૦:૩૦ થી ૪:૩૦ સોમથી શુક્ર,**
**સવારે ૧૦:૩૦ થી ૨ શનિવાર**

ફોન નં. : **૯૪૨૭૪૨૩૭૫૭**
E-Mail : pnrsociety.cpschool@gmail.com /
info@pnrsociety.org
Visit us : pnrsociety.org

**અભિપ્રાય**

"હું મારી પૌત્રી તાનિશાને ઓટિઝમ, સ્પીચ તેમજ ઓક્યુપેશનલ થેરાપી માટે છેલ્લા એક વર્ષથી લઈને આવું છું. પી. એન. આર. સોસાયટીની ઓટિઝમ સ્કૂલમાં તા. ૧ એપ્રિલ `૨૨ ના દિવસે **ઓટિઝમ દિવસ** તરીકે ઉજવવામાં આવ્યો હતો. જેમાં આ દિવસે સ્કૂલના ઈ. પ્રિ. શ્રીમતી જીજ્ઞાબેન સોલંકી દ્વારા એવું નક્કી કરવામાં આવેલ કે જે ઓટિઝમ બાળકોના વાલીઓ છે તેમને પોતાના બાળક સિવાયના અન્ય ઓટિઝમ બાળકોના કલાસમાં જઈ એક કલાક સુધી બાળકો સાથે ગોષ્ટી, વાર્તાલાપ કરાવવો. જેમાં મને પણ એક-એક કલાક, એમ બે કલાસના બાળકો સાથે ગોષ્ટી વાર્તાલાપ કરવાનો અવસર સંસ્થા તરફથી આપવામાં આવ્યો હતો, તે બદલ હું સંસ્થાનો આભાર વ્યકત કરું છું."

**- વામનભાઈ ભટ્ટ, (વાલી)**



# પી.એન.આર. સોસાયટી સંચાલિત
# ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર વિઝયુઅલી ઈમ્પાયર્ડ



**✍ કિરણબેન રાજયગુરુ**

♦ નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓના કોલેજના પ્રથમ દિવસે કંકુ ચોખાથી તિલક કરી, લાડુ દ્વારા મોં મીઠું કરાવી, સ્વાગત કરવામાં આવેલ અને માઁ સરસ્વતી વંદના, તેમજ પ્રાર્થના દ્વારા તાલીમાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કોર્સ કો-ઓર્ડિનેટર, તેમજ સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

♦ તા. ૭-૪ ના રોજ સી.પી. સ્કૂલના એન્યુઅલ ફંકશનમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ વોલીએન્ટર તરીકેની કામગીરી ખૂબજ ઉત્સાહપૂર્વક કરેલ.

♦ નવા પ્રવેશ પામેલા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા પી. એન. આર. હોસ્પિટલની તા. ૮-૪ ના રોજ મુલાકાત કરવામાં આવેલ. જેમાં તમામ વિભાગોની માહિતી શ્રી યશભાઈ મહેતા દ્વારા આપવામાં આવેલ. તેમજ કે. કે. બ્લાઈન્ડ શાળાની મુલાકાત કરવામાં આવેલ. જેમાં દરેક તાલીમાર્થીઓએ જુદા-જુદા દરેક વિભાગોની માહિતી પ્રાપ્ત કરેલ.









# PNR હોસ્પિટલ

## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ ડેન્ટલ વિભાગમાં એક વર્ષમાં ૧૫૩૦ દર્દીઓની તપાસ તથા ૧૬૧૩ દર્દીઓને સારવાર

પી.એન.આર. સોસાયટી ભાવનગર સંચાલિત પી.એન.આર. હોસ્પિટલમાં **ડેન્ટલ વિભાગ**ની કામગીરી સતત વધી રહી છે. ખાસ કરીને આ વિભાગમાં દર્દીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ, મુંબઈ તરફથી મળેલા અનુદાનથી ૨૦૧૩ થી કાર્યરત આ ડેન્ટલ વિભાગ ડૉ. જીજ્ઞાબેન શાહ (MDS, એચ.ઓ.ડી. ડેન્ટલ વિભાગ, સર.ટી. હોસ્પિટલ) પી.એન. આર. હોસ્પિટલના સ્થાયી સદસ્ય પણ છે તેમના માર્ગદર્શન હેઠળ **ડેન્ટલ વિભાગ** દર્દીઓને સારી સુવિધા અને સારવાર આપી રહ્યું છે.

એપ્રિલ ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨ સુધીમાં આ વિભાગમાં ૧૫૩૦ દર્દીઓની તપાસ તથા ૧૬૧૩ દર્દીઓને સારવાર આપવામાં આવી છે

આ ઉપરાંત દર શુક્રવારે દાતાઓના સહયોગથી **વિનામૂલ્યે ચેકઅપ કેમ્પ**માં વર્ષ દરમિયાન ૩૦૬ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે શ્રી મોહનભાઈ પટેલ (પૂર્વ શેરીફ-મુંબઈ) તરફથી હાલમાં જ મળેલા દાનમાંથી આધુનિક સુવિધા સાથેની બીજી એક વધુ ડેન્ટલ ચેરનો ઉમેરો થયો છે. આ ડેન્ટલ વિભાગમાં સારવાર માટે ડૉક્ટરશ્રીઓ હોસ્પિટલમાં કાર્યરત છે, જેમાં ...







**ડૉ. કૃતિ શાહ** (BDS), ફુલ ટાઈમ ડેન્ટલ સર્જન. તમામ પ્રકારની દાંતની સારવાર, રૂટકેનાલ, ચોકઠા, ખરાબ દાંતનો નિકાલ વિગેરે સેવા આપી રહ્યાં છે.



**ડૉ. માર્ગી દોશી** (MDS) (ઓર્થો ડેન્ટલ) વાંકાચુકા દાંતની ટ્રીટમેન્ટ નિષ્ણાંત છે, તેઓ વિઝીટીંગ ડૉક્ટર તરીકે સેવા આપી રહ્યાં છે.



**ડૉ. મિથિલા ઝા** (MDS) દાંતની સારવાર, રૂટકેનાલ અને ચોકઠાના નિષ્ણાંત છે, તેઓ વિઝીટીંગડૉક્ટર તરીકે સેવા આપી રહ્યાં છે.



**ડૉ. કાંક્ષા શાહ** (પીડિયાટ્રિક ડેન્ટલ સર્જન) બાળકોના દાંતના રોગની સારવાર આપી રહ્યાં છે.

**ડૉ. યતિન ખોલકિયા** (ઓરલ સર્જન) વિશિષ્ટ લાયકાત ધરાવે છે, મોઢાના-જડબાના ફ્રેક્ચર, ગાંઠ, રસોળી, કેન્સરની સારવાર મેક્સોફેસિયલ સર્જન, ફિક્સ દાંતના એક્સ્પર્ટ છે. તેઓ ભાવનગરમાં એક્સ્પર્ટનેસ ધરાવતા જુજ ડૉક્ટર પૈકી એક છે.



આ રીતે શ્રેષ્ઠ કક્ષાના નિષ્ણાંત ડૉક્ટરશ્રીઓ દ્વારા પી.એન.આર. હોસ્પિટલમાં ડેન્ટલ વિભાગ ઉમદા સેવાથી કાર્યરત છે.



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

## માર્ચ -`૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૦૦ | ૧૪ | લેબોરેટરી | ૪૩૩ | ૧૫૮૩ (ટેસ્ટ) |
| આંખ | ૧૦૩૧ | ૩૩૪ | રૂબેલા | ૦૮ | - |
| આંખની છારી | ૨૮ | - | ચામડી | ૨૬ | ૦૧ |
| ઈ.એન.ટી. | | | પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૩ | ૦૨ |
| (કાન-નાક-ગળા) | ૪૦૬ | ૧૦ | પ્લાસ્ટિક સર્જરી | ૪૦ | ૧૮ |
| માઈનર પ્રોસિઝર | ૧૭૩ | - | ત્રાંસી આંખ | ૪૫ | ૧૫ |
| ઓર્થોસ્કોપી | ૩૭ | ૦૧ | હેર ઈમ્પ્લાન્ટ | ૦૬ | ૦૬ |
| ઓર્થોડેન્ટલ | ૧૯૭ | ૧૬૪ (ટ્રિટમેન્ટ) | આંખના | | |
| જનરલ ઓપીડી | ૪૮૬ | - | પડદાની તપાસ | ૦૬ | - |
| એક્ષ-રે | ૯૭ | - | | | |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૩૩** લાભાર્થીઓએ **રૂા. ૯૫૮૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૮** દર્દીઓએ **રૂા. ૧૬૮૦/-** ની સહાય મેળવેલ છે.



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ

✍ મનસુખ સોરઠિયા



## શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક 'કન્ટીન્યુસ મેડિકલ એજ્યુકેશન'નો કાર્યક્રમ

લોઢાવાળા હોસ્પિટલ ખાતે, કાન-નાક-ગળા વિભાગના સીએમઈ ડૉ. શિખાબેન સચદેવ (M.B.B.S., D.L.O.) ના માર્ગદર્શન તળે જનરલ પ્રેક્ટિશનરો માટે, **'કન્ટીન્યુસ મેડિકલ એજ્યુકેશન'** વિષય અંતર્ગત કાન-નાક-ગળાની સામાન્ય સમસ્યાઓ, તેમનું નિદાન તથા સારવાર તથા જટિલતાઓ બાબત સીએમઈની અંદર કાન-નાક-ગળાના રોજિંદા આવતા દર્દીઓના રોગો વિષેની માહિતી આપવામાં આવેલ. જેમાં દર્દીને રાહત પણે કઈ રીતે સારવાર કરી શકાય અને કયારે દર્દીને સમયસર સુચિત કરી શકાય તે વિષે માહિતી આપવામાં આવેલ. જેનાથી વહેલામાં વહેલી તકે દર્દનું નિદાન થાય અને પછી સચોટ સારવાર કરી શકાય, વિગેરે બાબત અંગેનો વિસ્તૃત ખ્યાલ આપ્યો, પ્રેક્ટિશનરોના પ્રશ્નોના ઝીણવટ ભર્યા ખુલાસાઓ આપ્યા. આ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને રાહતદરે થતી સેવા સુષૃતા અંગે સમજણ આપી. આ સીએમઈનું ડૉ. સુનીલ મહેતા (Ph.d.) એ સંચાલન કર્યું હતું. હોસ્પિટલની આજુ-બાજુના ૧૫ ડૉક્ટર મિત્રોએ આ સીએમઈમાં ભાગ લીધો હતો.





# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



જીજ્ઞા સોલંકી

- તા. ૧૧ માર્ચ શુક્રવારના રોજ નટરાજ સી.પી. સ્કૂલના મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતાના માતુશ્રીની પૂણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા શાળાના બાળકો તથા સ્ટાફ માટે બપોરના સમય દરમ્યાન ભોજન રાખેલ હતું.
- તા. ૧૫ માર્ચ ના રોજ The super crops team દ્વારા શાળાના બાળકો તથા સ્ટાફ માટે બપોરે ભોજન રાખેલ હતું.
- તા. ૧૬ માર્ચ ના રોજ બૈજુ વિનોદરાય વોરા તરફથી રૂા. ૧૦૦૦/- સી.પી. વેલફેર ફાઉન્ડેશનમાં આપેલ છે.
- તા. ૧૯ માર્ચ ના રોજ એક શુભેચ્છક દ્વારા સી.પી. સ્કૂલના બાળકોને ચોકલેટના પેકેટ તથા રૂા. ૫૦૦/- નું અનુદાન આપેલ.
- તા. ૨૩ માર્ચના રોજ અર્લી ઈન્ટરવેશન અને રેમેડિલ સેન્ટર, વિદ્યાનગરમાં વેલ-નોન ન્યૂરો પીડિયાટ્રિશન ડૉ. ધવલ સોલંકીએ મુલાકાત લઈને સંસ્થાની પ્રવૃત્તિઓની સરાહના કરી. ડૉ. સોલંકીએ ૨૦ થી વધુ બાળકોના ૪૦ થી વધુ પેરેન્ટ્સ અને સ્ટાફને ઉપયોગી માર્ગદર્શન આપીને વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યું.
- તા. ૨૫ માર્ચ ના રોજ પી.એન.આર. હોસ્પિટલ ખાતે ડૉ. મિથિલા ઝા અને ડૉ. કૃતિબેન શાહે વિનામૂલ્યે દાંતની તપાસનો કેમ્પ રાખેલો હતો, જેમાં નટરાજ કેમ્પસમાંથી સી.પી. સ્કૂલ, ઓટિઝમ પ્રોજેક્ટ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અને અર્લી ઈન્ટરવેન્શન સી.પી. સેન્ટરના બાળકો એમ કુલ ૨૬ બાળકોની તપાસ કરવામાં આવી હતી.
- તા. ૨૬ માર્ચ ના રોજ ઓટિઝમ પ્રોજેક્ટની વાલી મિટીંગ રાખેલ હતી, તેમાં શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા વાલીઓએ ઘરે બાળકોને એ.ડી.એલ., એજ્યુકેશન કેવી રીતે શિખવાડવું તેનું માર્ગદર્શન આપ્યું હતું.












# ‘હાઈટેક’ ઈન્કલુઝિવ સ્કૂલ

ધીરુભાઈ ધંધુકિયા



## ડ્રોઈંગ વર્કશોપ કાર્યક્રમ :

સ્કૂલમાં તા. ૧૪/૩ થી ૧૬/૩ સુધી **ડ્રોઈંગ વર્કશોપ**નું આયોજન કરેલ. આ ડ્રોઈંગ વર્કશોપમાં આર્ટના કલાકાર શ્રી રિમાબા ચુડાસમા તેમજ શ્રી અંજલિબેન મહેતા દ્વારા વિદ્યાર્થીઓને ડ્રોઈંગ શીખવવામાં આવેલ. જેમાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીનો સમાવેશ કરવામાં આવેલ તેમજ આ ત્રણ દિવસમાં ડ્રોઈંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓને કેવી રીતે ચિત્રો દોરવા, દોરેલ ચિત્રોમાં કેવા રંગો પૂરવા, મિશ્ર રંગોનો ઉપયોગ વગેરે બાબતો શીખવી. બાળકોએ પણ ઉત્સાહ અને આનંદથી આ કાર્યક્રમમાં ભાગ લઈ ચિત્રની કળાનો લાભ લીધો. આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિને ખીલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ પ્રસંગે મંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયાના વરદ હસ્તે નંદકુંવરબા કોલેજના પ્રો. શ્રી રિમાબા ચુડાસમા અને શ્રી અંજલિબેન મહેતાને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવેલ.

## ગ્રાહક સપ્તાહની ઉજવણી :

સ્કૂલમાં તા. ૨૬/૩ ના **જાગો ગ્રાહક જાગો** અંતર્ગત ધો. ૬ થી ૧૧ ના બાળકોની રેલીમાં શાળાના શિક્ષકો પણ જોડાયા હતાં. રેલી દરમિયાન દરેક બાળકોએ ગ્રાહકોને જાગૃત કરવા માટે ઘરે-ઘરે પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૯ થી ૧૧ ના વિદ્યાર્થીઓએ **દુકાનદારની છેતરામણી** અને **મોલમાં થતી** છેતરામણી અંગે નાટકની સુંદર રજૂઆત કરી હતી. આ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. હાઈટેક સ્કૂલને **કન્ઝ્યુમર કલબ** મળતા અનેરા ઉત્સાહથી **‘જાગો ગ્રાહક જાગો સપ્તાહ’**ની ઉજવણી કરવામાં આવેલ.

## ગ્રીન ડે ઉજવણી :

સ્કૂલમાં તા. ૨૩/૩ ના રોજ **ગ્રીન ડે** ની ઉજવણી કરવામાં આવેલ. ગ્રીન ડે ઉજવણીમાં, **પર્યાવરણીય ઘટનાચક્રો તેમજ તેનું મહત્વ અને વધતા જતા પ્રદૂષણને લીધે થતાં નુકશાનની** ચર્ચા કરવામાં આવેલ, તેમજ બાળકો અને શિક્ષકોએ ગ્રીન થીમ રજૂ કરેલ. નાસ્તામાં ગ્રીન સલાડ, ફ્રૂટ, બોર્ડમાં પણ ગ્રીન ચોકથી સુંદર ચિત્રો દોરીને સજાવટ કરેલ. બાળકોએ આનંદિત થઈને **ગ્રીન ડે**ની ઉજવણી કરેલ. બાલ વિભાગના શિક્ષિકા બહેન હિનાબહેને ચિત્રો દોરાવી સુંદર આયોજન કરેલ.



## વિશ્વ ચકલી દિવસ :

સ્કૂલમાં તા. ૨૧/૩ ના રોજ **વિશ્વ ચકલી દિવસ** ની ઉજવણી કરેલ. તેમાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ ચકલીના ચિત્રમાં રંગપૂર્તી અને ખાલી બોકસમાંથી ચકલીના માળા પણ બનાવેલ. શ્રી દક્ષાબેન પંડયાએ ચકલીના રક્ષણની વિશેષ માહિતી આપેલ. દરેક બાળકોને ઘરે ચકલી માટે માળા, તેમજ પાણીના કુંડા રાખી ચકલીની લુપ્ત થતી જતી જાતિને બચાવવાના ભાગરૂપે સ્કાઉટ ગાઈડ દ્વારા આ ચિત્ર સ્પર્ધામાં બાળકોએ ભાગ લઈ અને ઉત્સાહભેર કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ.

## પરીક્ષા પે ચર્ચા-૨૦૨૨ કાર્યક્રમ :

સ્કૂલમાં તા. ૧/૪ ના રોજ ૧૧ કલાકે **પરીક્ષા પે ચર્ચા-૨૦૨૨** વર્ચ્યુઅલ કાર્યક્રમ ઓનલાઈન મોડમાં સ્માર્ટ બોર્ડના માધ્યમથી નિહાળવામાં આવ્યો હતો. તેમાં ધો. ૯ થી ૧૧ ના કુલ ૪૦ વિદ્યાર્થીઓ, ૧૦ શિક્ષકો ઉપરાંત શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા પણ જોડાયા હતાં. આ કાર્યક્રમનું પ્રસારણ તાલકટોરા સ્ટેડિયમ, ન્યૂ દિલ્હી ખાતેથી કરવામાં આવ્યું હતું. પરીક્ષા પે ચર્ચાની શરૂઆત ૨૦૧૮ માં થઈ હતી. આ સિઝન-૫ મી છે. આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો આ પ્રિય કાર્યક્રમ છે. આ કાર્યક્રમ ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે જ ખાસ યોજવામાં આવ્યો હતો. તે કાર્યક્રમમાં વિવિધ વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષાને લગતા પ્રશ્નો જેવા કે પરીક્ષામાં વધારે પડતી ચિંતા કેમ દૂર થાય ? પરીક્ષામાં સારા માર્ક અને ગ્રેડ ન આવે તો માતા-પિતા શું વિચારે છે ? તેવી સમસ્યા વગેરે જેવા પરીક્ષા વિષય પ્રશ્નો પુછવામાં આવ્યાં હતાં. આવા પ્રશ્નોના જવાબ સ્વરૂપે મોદીજીએ કહ્યું કે, ‘ભય શા માટે ? શું તમે પહેલીવાર પરીક્ષા આપો છો ?’ અને કહ્યું કે, ‘બધા જ લોકોએ ઘણી બધી પરીક્ષા આપેલ છે માત્ર સંકલ્પ કરો કે પરીક્ષા જીવનનો એક ભાગ છે તથા આત્મવિશ્વાસની જરૂર છે.’ આ ઉપરાંત મનથી વાંચવાથી ધ્યાન ભટકશે નહીં, તેવી ગુરુચાવી પણ આપી હતી. વાલીઓને પણ સૂચન કર્યું હતું કે બાળકો ઉપર દબાવ ન રાખવો તેમજ ખેલકૂદને પણ મહત્વ આપવું જોઈએ. સૌએ કાર્યક્રમ શાંતિપૂર્વક નિહાળ્યો.




# એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર



## એવરીથીંગ ઈઝ પોસીબલ....




ઉંમર ૨૫ વર્ષ. જન્મથી જ સેરેબ્રલ પાલ્સીને કારણે બંને પગ અને એક હાથમાં વિકલાંગતા. તેમછતાં ક્રિષ્ના વ્યાસ બી.એ.ના પ્રથમસ મેસ્ટરમાં બેસ્ટ સ્ટુડન્ટ ઓફ કોલેજનો એવોર્ડ પ્રાપ્ત કરે ત્યારે આપણે સૌએ માનવું પડે કે ''એવરીથીંગ ઈઝ પોસીબલ''. આજે અહીં પ્રસ્તુત છે વાત ક્રિષ્નાની કે જે ભાવનગરથી ૪૦ કિલોમીટર દૂર આવેલ વલ્ભીપુરમાં રહે છે. ક્રિષ્નાએ બી.એ. સુધી અભ્યાસ વલ્ભીપુરમાં  કર્યો ત્યારે માતાપિતાએ શાળાએ મુકવા લેવા જવું પડતું. જેમ જેમ ક્રિષ્ના  મોટી થતી ગઈ તેમ તેમ તેણે પોતાનો આત્મવિશ્વાસ વધાર્યો. મન મકકમ રાખી એમ.એ. કર્યા બાદ પી.એચડી. કરી લેકચરર બનવાનું  લક્ષ ક્રિષ્નાએ નકકી કર્યું છે. આ માટે ભાવનગરની કોલેજમાં એડમીશન મેળવી અભ્યાસ કરી રહી છે.

ક્રિષ્નાના ભાઈને પણ વિકલાંગતા હતી. પુત્રનું અવસાન થતાં ક્રિષ્નાના માતા-પિતા પર આભ તુટી પડયું હોય તેવો અહેસાસ થયો હતો. પરંતુ માતાપિતા ભાઈના અવસાનની પીડા ભૂલી જાય એ માટે ક્રિષ્ના પોતે દીકરા સમાન બની સમાજમાં પોતાનું સ્થાન બનાવશે એવો વિશ્વાસ વ્યકત કર્યો. પિતા જનકભાઈ વલ્ભીપુરમાં મંદીરમાં મેનેજર તરીકે નોકરી કરે છે. માતા મનિષાબેન ગૃહીણી છે. મધ્યમવર્ગીય પરિવારમાં ઉછરેલી ક્રિષ્ના સ્ટેજ કાર્યક્રમનું સંચાલન પણ કરી શકે છે અને કવિતાઓ લખે છે. તેણે લખેલ કવિતા ''ગરમી'' કોલેજના અહેવાલમાં પણ પ્રસિધ્ધ થઈ ચૂકી છે. જે કવિતા પણ અત્રે પ્રકાશીત કરેલ છે.

આટલું કરવા છતાં કોમ્પ્યુટર શીખી ન હોવાથી જીવનમાં કંઈક ખૂટતું હોય તેવું ક્રિષ્નાને લાગતું હતું. કોમ્પ્યુટર શીખવુ હતું પરંતુ કયાં શીખવા જવું, શું શીખવું એ નિર્ધારીત થતું ન હતું. પી.એન.આર. સોસાયટીના એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દ્વારા ગત વર્ષે વિકલાંગો માટે વિનામૂલ્યે ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ પ્રોજેકટ અંતર્ગત વલ્ભીપુર તાલુકાના વિકલાંગોને આ તાલીમ આપવાના નિર્ણય કરેલ તેના અનુસંધાને વધુને વધુ વિકલાંગો આ તાલીમનો લાભ મેળવી શકે તે માટેના પ્રચાર કરવા હેન્ડબીલ છપાવી વલ્ભીપુર તાલુકામાં વિતરીત કરવામાં આવેલ. આ હેન્ડબીલ ક્રિષ્નાને જોવા મળ્યુ. જેના આધારે માહીતી મળ્યા બાદ તેણે વલ્ભીપુર ખાતે યોજાયેલ કોર્સ પ્રોજેકટની જાણકારીના કેમ્પમાં ભાગ લઈ એડમીશન મેળવ્યું. ક્રિષ્ના ઘરે બેઠા ઓનલાઈન તાલીમ મેળવી શકે તે માટે પી.એન. આર. સોસાયટીએ તેને તાલીમ પૂર્ણ કરે ત્યાં સુધી લેપટોપ, ઈન્ટરનેટ માટે રીચાર્જ કરેલ ડોંગલ, પુસ્તકો, સી.ડી., ઈયરફોન જેવા તમામ સાધનો આપ્યા. ક્રિષ્નાએ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી. તેણે મેળવેલ તાલીમ વિષે પ્રતિભાવ આપતા તેણે કહયું કે કોર્સ દ્વારા તેને કોમ્પ્યુટરમાં ઘણું શીખવા મળ્યુ હોવાથી તે ખૂબ ખુશ છે, આ કોર્સ તેને ભવિષ્યમાં ખૂબ ઉપયોગી થશે. માર્ચ ૨૦૨૨ માં સંસ્થાના પ્રતિનીધીઓએ તેની તથા તેના પરિવારની વલ્ભીપુર જઈને મુલાકાત કરેલ તે દરમ્યાન વાતચીત દ્વારા માહિતી મેળવી. પ્રતિનીધીઓએ મુલાકાતના અંતે ક્રિષ્નાને છેલ્લો સવાલ કર્યો કે તેણે પોતે નિર્ધારીત કરેલ આટલા ઉંચા લક્ષને સિધ્ધ કરી શકશે ? શું વિકલાંગતા અડચણરુપ નહી બને ? ત્યારે ક્રિષ્નાએ તેને અભિનંદન આપવા પડે તવો જવાબ આપ્યો હતા કે.. **એવરીથીંગ ઈઝ પોસીબલ....** ક્રિષ્નાનો  આ જવાબ પોતાનું સંતાન  વિકલાંગ છે એવા અનેક માતાપિતાઓની માનસિક ચિંતામાંથી મુકત કરનારો અને સમાજના અન્ય વિકલાંગોને નિરાશાજનક પરીસ્થિતીમાંથી બહાર લાવી પ્રોત્સાહન પુરું પાડનારો હોવાથી ક્રિષ્નાને અભિનંદન આપણે સૌ પાઠવીએ.



## ગરમી...

માંના દૂધમાંથી જે પોષણ અને પાલવની ગરમી મળે તેને હૂંફ કહેવાય
પોતાનાઓ તરફથી વ્હાલની ગરમી મળે તેને સ્નેહ કહેવાય
ભયમાંથી ઉત્પન્ન થતી ગરમી ચિંતા કહેવાય.
કોઈ સ્વજનથી વિખૂટા પડવાનું દુઃખ હૃદયમાંથી ગરમી સ્વરુપે વહે
તો એ પવિત્ર ભાવના આંસુ વિરહ કહેવાય.
ગરમી જો અગ્નિ સ્વરુપે મનમાં ભભૂકે તો વેર કહેવાય
જો ક્રોધ સ્વરુપે સંબંધમાં આવે તો ઝેર કહેવાય.
નફરતથી પેદા થતી ગરમી હીનતા કહેવાય
સંબંધો જો ઉષ્માભર્યા હોય અને બીજાના મનને ઠંડક આપી શકે
તો ગરમી મોટામાં મોટો લાભ ગણી શકાય.
ઘરના તેજરુપ દીકરાએ તરછોડેલા મા-બાપની આંખોમાં રહેલ
આંસુઓના ભેજની ગરમી દીકરીની સંભાળથી ઠંડકભર્યા બને છે.
ગરમી જો ભોજનમાં ભળે તો ભોજન વધુ સ્વાદિષ્ટ બને છે તેમ
સંબંધમાં જો સમજણની ગરમી ભળે તો સંબંધોમાં સૂમેળ સધાય.
જેમ કુંભાર કાચી માટીને તપાવીને ઘડો ઘડે છે તેમ મુશ્કેલીઓની
ગરમીથી ઉત્પન્ન થયેલો ઉકળાટ અને તે ઉકળાટથી ઉત્પન્ન થયેલી
અડચણનો વિશ્વાસ માણસને શ્રધ્ધાની ગરમી આપે છે.

**- ક્રિષ્ના જનકભાઈ વ્યાસ (વલભીપુર)**
**એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ**
**ભાવનગર.**



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### શૈક્ષણિક પ્રવાસ :



પી.એન.આર. સોસાયટીના દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા તા. ૨૬ માર્ચ ને શનિવારે **ગ્રામયાત્રા** ખાતે એક દિવસના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરેલ. ગ્રામયાત્રામાં જે ગામડાનું વાતાવરણ છે. ગામડા તથા શહેરમાં શું તફાવત છે. તે જાણવા મળ્યું. અને માહિતી આપી ગામડાની સમજ આપવા માટે ત્યાં વિવિધ જાતના ટાયરમાંથી બનાવેલ હીંચકા, ઝુલતો પુલ, વિવિધ વસ્તુઓ જેમ કે, વલોણું, ઘંટલો, ખેતીના વિવિધ ઓજારો, ધમાણીયું વિવિધ વસ્તુની સમજ આપી. કુદરતી રીતે ખેતીકામ કેમ કરાય તેની સમજ આપી. બધા બાળકો વાલીઓ તથા સ્ટાફને બળદ ગાડાની સેર કરાવવી. **રેઈન ડાન્સ** દ્વારા બાળકોને ખૂબજ આનંદ આવ્યો. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક, સામાજિક વાતચીતના મહત્વના કૌશલ્યનો વિકાસ કરવાનો પ્રયત્ન વાલીઓ અને સ્ટાફે કરેલ. આ પ્રવાસને સફળ બનાવવા દિશા કમ વિકાસ પ્રોજેક્ટના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

### ડાઉન સિન્ડ્રોમ ડે :



તા. ૧૭ માર્ચ ના રોજ પ્રોજેક્ટના લાભાર્થીઓ દ્વારા **ડાઉન સિન્ડ્રોમ ડે**ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ વિવિધ ગીતો ગાઈ, રમતો રમી તથા ડાઉન સિન્ડ્રોમને લગતા ચિત્રો દોરી, ઉજવણી કરી હતી.

**સંસ્થા મુલાકાત**

**તા. ૧૨-૪ ના ભાવનગરના રોજ જાણિતા ફિઝિશિયન ડૉ. ભીમાણી સાહેબના દિકરી શ્રી સૈફાલીબેન ભીમાણી અને પૌત્રી રેવાબેન સી.પી. સ્કૂલ અને ઓટિઝમ સ્કૂલની વિઝીટ કરવા આવેલા. બંને સ્કૂલના બાળકો સાથે તેઓએ ઘણો સમય પસાર કર્યો હતો. તેઓ આટલી નાની ઉંમરે સામાજિક સંસ્થાઓ માટે ફંડ રાઈઝિંગનું કામ યુ.એસ.એ. માં કરે છે. તેઓ PNR માટે ફંડ રાઈઝિંગનું કામ કરી આપશે, તેમ શ્રી રેવાબેને જણાવેલ.**



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ નેહલ ત્રિવેદી

◈ શાળાના બાળકોની **કૃષ્ણલીલા** કૃત્તિનો ૬૫ મો શો તા. ૧૬ માર્ચના રોજ ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમ ખાતે સુમિટોમો પ્રા. લિ. દ્વારા આયોજિત **એકસેલ એકસપ્રેશન**ના વીનર શોમાં રજૂ કરેલ. પ્રેક્ષકોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપી બાળકોને પ્રોત્સાહિત કરેલ. આયોજક દ્વારા બધા બાળકોને સ્મૃતિ ભેટ આપવામાં આવેલ. આ કૃતિની ખાસ વિશેષતા એ હતી કે તેની કોરીયોગ્રાફી શાળાના જ બધિર વિદ્યાર્થી જતીન બાવળિયાએ કરી હતી.

◈ ગાંધીનગર ખાતે સંસ્કૃતિકુંજમાં દર વર્ષની માફક આ વર્ષે પણ **વસંતોત્સવ** કાર્યક્રમ યોજાયેલ. આ વખતે શાળાની દીકરીઓની ગણેશવંદના રજૂ કરવા આમંત્રણ મળેલ. વિશાળ મેદની વચ્ચે આ



શાસ્ત્રીય નૃત્યની કૃતિએ દર્શકો અને હાજર તમામ અધિકારીઓને ભાવવિભોર કરી મૂકયા હતાં. આ કૃતિને રૂા. ૫૦,૦૦૦/- નું ઈનામ ગુજરાત સરકાર દ્વારા અપાયેલ.

◈ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા પ્રાથમિક શાળામાં તા. ૨૫ માર્ચ ના રોજ ૧૨ થી ૧૫ વર્ષની વય જૂથના બાળકોને કોરોના વિરુધ્ધ રસીકરણ કરવામાં આવેલ.

◈ ૮ માર્ચ **આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ**ની ઉજવણી નિમિત્તે જાગૃત્તિ ચેરીટેબલ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા ૨૧ માર્ચના રોજ શિશુવિહાર ખાતે એક કાર્યક્રમનું આયોજન થયેલ. જેમાં આપણી સંસ્થાની ૧૩ વિદ્યાર્થીનીઓ દ્વારા ગણેશવંદના કૃતિ રજૂ થયેલ. પ્રેક્ષકો દ્વારા કૃતિને તાળીઓના ગણગડાટથી વધાવવામાં આવેલ. આ ટ્રસ્ટ તરફથી વિદ્યાર્થીનીઓને ભેટ આપી સન્માનિત કરવામાં આવેલ, સાથે સંસ્થાને પણ મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ. શાળામાંથી શ્રી કવિતાબેન શાહ તથા શ્રી શ્રીમબહેન સવજીયાણી વિદ્યાર્થીઓ સાથે ગયેલ તથા મોમેન્ટો સ્વીકારેલ.

◈ શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ શાહના ૮૭માં જન્મદિવસની ઉજવણી શ્રી મહાવીર ઓડિટોરીયમમાં કરવામાં આવેલ. શાળાના દરેક વિભાગના



કર્મચારીઓ, બાળકો, આચાર્યશ્રીઓ તથા સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે શ્રી બાબાભાઈએ પ્રાસંગિક ઉદ્દબોધન કરેલ. દીપ પ્રાગટ્ય કરી સુખડીથી સૌનું મીઠુ મોં કરાવેલ. સંસ્થાના બાળકોએ વિવિધ કલાત્મક કાર્ડની ભેટ આપી શ્રી બાબાભાઈ પ્રત્યે પોતાની લાગણી વ્યકત કરેલ. આ નિમિત્તે સંસ્થાના દરેક બાળકોને આઈસ્કીમ વહેંચવામાં આવેલ.

◈ શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાની પૌત્રીનો જન્મ દિવસ તા. ૧૧-૪ ના રોજ શ્રી મહાવીર



ઓડિટોરીયમમાં શાળાના સમગ્ર સ્ટાફ તથા બાળકોની હાજરીમાં ઉજવાયેલ. આ પ્રસંગે નાના ભૂલકાઓની અભિનય કૃતિ રજૂ થયેલ. નાનકડી ઈવુતિએ નાના બાળકો સાથે કેક કાપીને સૌનું મીઠુ મોં કરાવેલ. આ પ્રસંગે પરિવાર તરફથી સૌને આઈસ્કીમ આપવામાં આવેલ.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



## ચતુર્વિધ કાર્યક્રમ સુપેરે સંપન્ન :

તા. ૨૨-૩ ના રોજ ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા, વિશિષ્ટ સન્માન, ટ્રાફિક તથા સાયબર ક્રાઈમ અવેરનેસ અને મહિલા સુરક્ષા અંગેનો વિવિધલક્ષી કાર્યક્રમ શાળાના ઓડિયોરીયમ ખાતે યોજવામાં આવેલ. જેમાં અધ્યક્ષસ્થાને શ્રી સફિનહસન સાહેબ (ASP, ભાવનગર), અતિથિ વિશેષ શ્રી પી.ડી. પરમાર સાહેબ (P.I., ટ્રાફિક શાખા), શ્રી વી.ડી. મહેતા સાહેબ (P.S.I., સાયબર ક્રાઈમ), શ્રી જે. આર. ભાચકન સાહેબ (P.I., A ડિવિઝન), સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી અમિતભાઈ, શ્રી આનંદભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી ઈલાબહેન, શ્રી મિતાબહેન, દાતાશ્રી જીજ્ઞેશભાઈ વગેરે ઉપસ્થિત રહેલ. પ્રાર્થના સાથે **ગણેશ વંદના** અભિનય ધો. ૯ અને ધો. ૧૧ની શ્રવણમંદ વિદ્યાર્થીનીઓએ રજૂ કરેલ. શ્રી અશ્વિનભાઈએ સૌને આવકાર આપેલ. તેમજ મહેમાનશ્રીઓનું સન્માન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા નિર્મીત **સ્મૃતિ ભેટ**થી કરવામાં આવેલ. સમગ્ર વર્ષ દરમ્યાન શૈક્ષણિક, સહઅભ્યાસક તેમજ છાત્રાલયમાં સુંદર કામગીરી તથા સારી વર્તણૂંક દાખવનાર વિદ્યાર્થીઓ ધો. ૧૦માં કાજલ ઢાપા અને હર્ષિલ પડાળિયા તેમજ ધો. ૧૨ માં જીનલ અભંગી અને શિવમ પાનસુરીયાને "Best Student of the Year" ના મોમેન્ટોથી મહેમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવેલ. ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા પરીક્ષા અંગે શુભેચ્છા સંદેશ મોકલાવેલ. જેનું વાંચન શ્રી વિશ્વાબેને કરેલ. સાથે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના **નોંધણીપત્ર** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ, જે શાળાના હોદ્દેદારોએ સ્વીકારેલ. ત્યારબાદ દાતાશ્રી જીજ્ઞેશભાઈએ દરેક વિદ્યાર્થીઓને ટ્રાન્સ્પેરન્ટ પેડ, પાઉચ, પેન અને ફોલ્ડર આપી શુભેચ્છાઓ પાઠવેલ. શાળાના વિદ્યાર્થીઓ ધો. ૧૦ પૂજાબા ગોહિલ અને ધો. ૧૨ ધ્રુવ ધંધુકિયાએ પોતાના પ્રતિભાવ આપેલ. શિક્ષક શ્રી ધ્રુવિબહેને પોતાનો પ્રતિભાવ આપી સહુને "Best of luck" પાઠવ્યાં. અધ્યક્ષ શ્રી સફિનહસન સાહેબે દરેક વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી, પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપેલ. સંસ્થાના હોદ્દેદારોએ દરેક વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ. શ્રી પી.ડી. પરમાર સાહેબે **ટ્રાફિક અવેરનેસ** તથા શ્રી વી.ડી. મહેતા સાહેબે **સાયબર ક્રાઈમ** વિશે માહિતી આપેલ. અંતમાં પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવેએ આભારવિધિ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જયોતિબહેન ભટ્ટી દ્વારા કરવામાં આવેલ તથા ઈન્ટર પ્રિટર તરીકે શ્રી જયોતિબહેન બારૈયા, શ્રી ભરતભાઈ તથા શ્રી વિરેન્દ્રભાઈએ સેવા આપેલ.



## ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ વિઝીટ :

તા. ૯-૪ ના રોજ શાળાના ધો. ૧૨ ના કુલ ૨૮ વિદ્યાર્થીઓને હિરાની ઓફિસમાં કામ કરવા માટે (હિરા ઘસવાનું નહીં.) સંસ્થાના હિતેચ્છુ એવા શ્રી રીતેશભાઈના માર્ગદર્શન અને સહયોગથી હરી દર્શન એક્ષપોર્ટસ, શાસ્ત્રીનગર ખાતે મુલાકાત કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર પરનું કામ, હિરાનું વજન કરવું, ગણતરી કરવી, લેબલિંગ કરવું વગેરે જેવા કામની સમજ આપવામાં આવી. ધો. ૧૨ ના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહ સાથે માહિતી મેળવી અને ભવિષ્યમાં આત્મનિર્ભર બનવા માટે આ ઓફિસમાં કામ કરવાની તત્પરતા દાખવી હતી.



### સાયકલ સહાય :

શાળાની ધો. ૯ની વિદ્યાર્થીની ચુડાસમા સ્નેહા દિલિપભાઈને **સરસ્વતી સાધના યોજના** અંતર્ગત સાયકલ આપવામાં આવેલ. જે સંસ્થાના ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહ તથા આચાર્યશ્રી શૈલેષભાઈ દવેના હસ્તે વિદ્યાર્થીનીને અર્પણ કરવામાં આવેલ.

### Pizza પાર્ટી :

શાળામાં શ્રવણમંદ બાળકોની ધો. ૧૨ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થતાં, તેમજ શાળાકિય જીવન પૂર્ણ થતાં વિદ્યાર્થીઓ અતિ ઉત્સાહમાં હતાં. તેમાં વધારો કરતા દાતાશ્રી તેમજ માલિક ડૉ. સુશીલભાઈ બચાણી અને ડૉ. જયાબેન બચાણીએ તા. ૯-૪ ના રોજ દરેક વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને "Octant Pizza" માં સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું.



### હોલ ટિકિટ વિતરણ તેમજ બોર્ડની પરીક્ષા :

શાળામાં તા. ૨૮-૩ ના રોજ શરૂ થનાર ધો. ૧૦ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષા માટે તા. ૨૪-૩ એ બંને ધોરણની હોલ ટિકિટ ડાઉનલોડ કરી, દરેક વિગત ચેક કરી વિદ્યાર્થીઓ પાસે સહી કરાવી, કેન્દ્ર વિશે જાણ કરવામાં આવેલ. આ સાથે હોલ ટિકિટ પર જણાવેલ દરેક સૂચના, નિયમો વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા. સાથે સફળતા માટે શુભેચ્છાઓ આપવામાં આવી. દરેક વિદ્યાર્થીઓએ પોત-પોતાના કેન્દ્ર પર સમયસર પહોંચી નિર્વિઘ્ને પરીક્ષા પૂર્ણ કરેલ છે. વિદ્યાર્થીઓને કેન્દ્ર સ્થળે પહોંચાડવા તેમજ પરત લાવવા માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવેલ.



## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



- તા. ૧૭ માર્ચ ના રોજ બાળકોને હોળીના પર્વ નિમિત્તે હોળીના દર્શન કરવા લઈ ગયેલ અને હોળીનું મહત્વ સમજાવેલ.
- તા. ૧૮ માર્ચ ના રોજ ધૂળેટીના પર્વ નિમિત્તે છાત્રાલયના બાળકોને દાતાશ્રી ભાવિનભાઈ પટેલના સહયોગથી ગુલાલ, ફૂગ્ગા અને પિચકારી આપવામાં આવેલ.
- તા. ૨૦ માર્ચ ના રોજ દાતાશ્રી શ્રેણિકભાઈ શાહની દીકરીનો જન્મદિવસ હોવાથી રાજપથ પાર્ટી પ્લોટમાં ખૂબજ સરસ આયોજન કરેલ. આ પ્રસંગે સંસ્થાના દરેક બાળકોને આમંત્રિત કરેલ. લાઈવ કાર્ટુન, પપેટસ, મિકીમાઉસ વિવિધ રમતો વગેરે માણીને બાળકોએ ખૂબ આનંદ કરેલ. સંસ્થાના મંત્રી શ્રી, છાત્રાલયના ચેરમેન અને વેલ્ફેર ઓફિસર દ્વારા દાતા પરિવારના સભ્યોનું શાલ ઓઢાડીને સન્માન કરેલ તથા સંસ્થાના દરેક બાળકોને એક જોડી કપડાંની ભેટ આપવામાં આવેલ.
- તા. ૨૮ માર્ચ થી શાળાના ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા શરૂ થતાં બાળકોને પેન, ચોકલેટની ભેટ આપી શુભેચ્છા આપવામાં આવેલ. આચાર્યશ્રી શૈલેષભાઈ દ્વારા બાળકોને પેંડા ખવડાવી પરીક્ષા માટે શુભેચ્છા આપવામાં આવેલ તથા લેકચર લેવામાં આવેલ.

## શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ

સંસ્થાના જરૂરિયાતમંદ સ્ટાફને રાહતદરે અનાજ તથા જરૂરિયાતની વસ્તુઓ વર્ષ દરમ્યાન આપવામાં આવે છે. જાન્યુઆરી, ફેબ્રુઆરી તથા માર્ચ`૨૨ માં ૬૦ જેટલા સ્ટાફને દરેકને ૧૦૦ કિ. ઘઉં, ૫ કિ. મધુર ખાંડ, ૫ લી. શીંગતેલ, ૨ાા કિ. મરચુ, ૨ કિ. ધાણાજીરૂ, ૧,૫૦૦ ગ્રામ હળદર, ૫૦૦ ગ્રામ રાય, ૫૦૦ ગ્રામ આખુ જીરૂ, ૫૦૦ ગ્રામ હીંગ, બાથ સોપ નંગ-૧૨, વોશીંગ સોપ નંગ-૧૨, વાસણ ઉટકવાના સાબુ નંગ-૧૨, ડિર્ટજન્ટ પાવડર ૫ કિ., ટૂથપેસ્ટ નંગ-૧ (૨૦૦ ગ્રામ), બેડશીટ નંગ-૨ કવર સાથે, નેપકીન નંગ ૬ આપેલ છે. આ માટે સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ જહેમત લીધેલ છે.



# શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય



સ્નેહાબેન જોષી

◈ તા. ૧૭ માર્ચ ના રોજ બાળકોને હોળીના પર્વ નિમિત્તે હોળીના દર્શન કરવા લઈ ગયેલ અને હોળીનુ મહત્વ સમજાવેલ.

◈ તા. ૧૮ માર્ચ ના રોજ ધૂળેટીના પર્વ નિમિત્તે છાત્રાલયના બાળકોને દાતાશ્રી ભાવિનભાઈ પટેલના સહયોગથી ગુલાલ, ફૂગ્ગા અને પિચકારી આપવામાં આવેલ.

◈ તા. ૨૦ માર્ચ ના રોજ દાતાશ્રી શ્રેણિકભાઈ શાહની દીકરીનો જન્મદિવસ હોવાથી રાજપથ પાર્ટી પ્લોટમાં ખૂબજ સરસ આયોજન કરેલ. આ પ્રસંગે સંસ્થાના દરેક બાળકોને આમંત્રિત કરેલ. લાઈવ કાર્ટુન, પપેટસ, મિકીમાઉસ વિવિધ રમતો વગેરે માણીને બાળકોએ ખૂબ આનંદ કરેલ. સંસ્થાના મંત્રીશ્રી, છાત્રાલયના ચેરમેન અને વેલ્ફેર ઓફિસર દ્વારા દાતા પરિવારના સભ્યોનું શાલ ઓઢાડીને સન્માન કરેલ તથા સંસ્થાના દરેક બાળકોને એક જોડી કપડાંની ભેટ આપવામાં આવેલ.



# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

◈ માહે માર્ચ ’૨૨ માસમાં લોકલ લેવલે કુલ ૯૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૨૪ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૧, અડધા પગ-૩, ની-બ્રેસ-૧૪, હેન્ડ સ્પિલન્ટ-૧, નાઈટ સ્પિલન્ટ-૪, સ્પાઈનલ ઓર્થોસિસ-૧૨, કેલીપર-૧૦, એ.એફ.ઓ.-૧૭, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૨, ક્રચીઝ-૨, ઓર્થોશુઝ-૫ જોડી તથા ૫૩ જુદા-જુદા સાધનો જેવા કે વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ વિગેરે પૂરાં પાડવામાં આવેલ. તેમજ જરૂરિયામંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ.

◈ સંસ્થાના સિનિયર ડૉ. નાયક દ્વારા માહે માર્ચમાં મુંબઈ તથા પુના અને મુઝફરનગર મુકામે ની-બ્રેસના કેમ્પોનું આયોજન કરેલ. જેમાં ૩૪૮ જેટલી ની-બ્રેસ બનાવવામાં આવેલ છે.

## નિઃશૂલ્ક કેમ્પ-૧

તા. ૩-૩ ના રોજ કુ.ક્રિષ્ના શાહ, શ્રી ચંન્દ્રિકાબેન શાહ, શ્રી નિરાબેન શાહ (યુ.એસ.એ.) તરફથી કુલ ૧૫ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને કુલ ૧૯ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં, જેમાં અડધા હાથ-૨, આખા પગ-૩, અડધા પગ-૪, કેલિપર-૧૦ એમ કુલ ૧૯ સાધનો દાતાશ્રી તરફથી પુરા પાડવામાં આવેલ. દીપ પ્રાગટય મહેમાન શ્રી પરેશભાઈ મહેતા તથા તેમના પરિવારજનો અને સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ કરીને કેમ્પના સાધનો જરૂરિયાતમંદ દિવ્યાંગોને પુરા પાડવામાં આવેલ હતા. આ કેમ્પના એક લાભાર્થી શ્રી ભરતભાઈ વાઘેલા કે જેઓ ગામ જૂના સનાળા, તા. જેસર, જિ. ભાવનગરના રહેવાસી છે. તેઓને ઈલેકટ્રિક શોર્ટ લાગવાથી કોણીથી નીચેના બંને હાથ કપાવવા પડેલ હતા. તેઓને આજે બંને કૃત્રિમ હાથ પહેરાવેલ, તેઓ પહેલા વાડી ખેતરનું કામ કરતા હતા. પરંતુ શારિરીક તકલીફને લીધે તેઓ કરીયાણાની દુકાન ચલાવે છે. કૃત્રિમ હાથની મદદથી તેઓ દુકાનનું કાર્ય સરળ રીતે કરી શકશે. તેમણે આભારની લાગણી વ્યકત કરેલ છે.

## નિઃશૂલ્ક કેમ્પ-૨

તા. ૧૫-૩ ના રોજ અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનીયરીંગ કંપની પ્રા. લિ. તરફથી કુલ ૧૮ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને, કુલ ૨૦ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં, જેમાં આખો હાથ-૧, અડધા હાથ-૨, આખા પગ-૨, અડધા પગ-૨, કેલિપર-૧૧, કોકઅપ સ્પ્લીન્ટ-૧, બગલ ઘોડી-૧, એમ કુલ ૨૦ સાધનો દાતાશ્રી તરફથી પુરા પાડવામાં આવેલ. આ કેમ્પમાં શ્રી પ્રવિણભાઈ ગોપાલભાઈ લકુમ જેમની ઉંમર ૨૫ વર્ષની છે. જેઓ દ્વારકાના વતની છે. અને હાલ તેઓ એન્જિનીયરિંગ કોલેજમાં અભ્યાસ કરે છે. તેમને પાંચ વર્ષ પહેલાં રેલ્વેના એકિસડન્ટમાં જમણો હાથ આખો ગુમાવેલ હતો. તેઓને આજરોજ કૃત્રિમ હાથ નાંખી આપેલ છે. જેની મદદથી તેઓ પોતાનું શિક્ષણ કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકશે.

## નિઃશૂલ્ક કેમ્પ-૩

તા. ૧૨-૪ ના રોજ **ગીફ્ટ એ ટ્રીટ** નામની સંસ્થા તરફથી કુલ ૧૫ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને કુલ ૧૮ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં, જેમાં અડધો હાથ-૧, આખા પગ-૫, અડધા પગ-૮, કેલિપર-૩, પાર્શીયલ ફુટ-૧ એમ કુલ ૧૮ સાધનો દાતાશ્રી તરફથી પુરા પાડવામાં આવેલ.

દીપ પ્રાગટય મહેમાન શ્રી શેફાલીબેન, તેમની પુત્રી રેવાબેન તથા તેમના પરિવારજનો અને સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ કરીને કેમ્પના સાધનો જરૂરીયાતમંદ દિવ્યાંગોને પુરા પાડવામાં આવેલ હતાં. જેના એક લાભાર્થી શ્રીમતી કૈલાશબેન ચાવડા ઉંમર ૩૩ જેઓ વઢવાણ તાલુકાના રામપરા ગામથી આવેલ છે. જેમને એકિસડન્ટને લીધે જમણો પગ ગોઠણથી ઉપર અને ડાબો પગ ગોઠણથી નીચેનો કપાવવો પડેલ હતો. તેઓને હાલ બંને કૃત્રિમ પગ ફીટ કરી આપવામાં આવેલ છે. જેને લીધે તેઓ પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકશે.



## લાઈબ્રેરી

### સૌ. શ્રી યુવક સંમેલન - મુંબઈ

✍ છાયા જોષી



PNR સોસાયટીના નટરાજ કોલેજમાં આવેલ લાઈબ્રેરીમાં 'લર્ન વીથ ફન ' થીમ પર વિવિધ એકિટવિટી કરવામાં આવે છે. હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ધો. ૭ માં અભ્યાસ કરતી કુ. શ્રૃષ્ટિ લાલજીભાઈ પંડયા છેલ્લા એક વર્ષમાં તા. ૨૫ માર્ચ સુધીમાં ૧૦૦ પુસ્તકો વાંચીને શાળામાં એક નવો વિક્રમ સર્જ્યો. શ્રૃષ્ટિ એક દિવસ નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ લાઈબ્રેરીની મુલાકાત લીધી અને મેં તેનામાં કંઈક કરી બતાવવાનો જુસ્સો જોયો. મેં તેને



પુસ્તકો વાંચવા માટે પ્રેરિત કરી, એક પુસ્તકના વાંચન પછી શ્રૃષ્ટિને વાંચવામાં રસ પડયો. પછી તો તે રેગ્યુલર લાઈબ્રેરીમાં આવવા લાગી. આમ ધીરે-ધીરે તેની ગુજરાતી વાંચવાની ઝડપ પણ વધી ગઈ. એમ કરતા-કરતા ૧૦૦ પુસ્તકો વાંચીને શાળામાં એક નવો વિક્રમ સર્જ્યો. ખૂબ-ખૂબ અભિનંદન. શ્રૃષ્ટિ જેવા બીજા બાળકો પણ શ્રૃષ્ટિનો રેકોર્ડ બ્રેક કરે તેવી આપણે સૌ આશા રાખીએ.



## પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ

✍ કે. ડી. પડિયા



શ્રી બળવંત કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ જે ૨૦૧૩ માં પી. એન.આર. હોસ્પિટલમાં શરૂ કરેલ. તે કોરોના પેન્ડેમિકના લીધે બંધ હતું. તા. ૩ એપ્રિલ ૨૦૨૨ થી આ ગ્રુપની સેવા ફરી ચાલુ કરેલ છે. હવેથી દર રવિવારે સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ સુધી પાર્કિન્સન્સ દર્દીઓને કસરત તથા સલાહ-સુચન તો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે.

તા. ૧૦ એપ્રિલ ૨૦૨૨ ના રવિવારે સવારે પી.એન.આર. હોસ્પિટલમાં **પાર્કિન્સન્સ ડે** ની ઉજવણી કરેલ. ઉજવણીમાં પાર્કિન્સન્સ દર્દીઓને ઓડિયો વિઝયુઅલ દ્વારા આ દર્દ સામે કેવી રીતે લડવુ ? તે વિષે વિસ્તારથી સમજાવવામાં આવેલ, તેમજ ઉપયોગી કસરત પણ કરાવેલ. આ સેવા નિઃશૂલ્ક છે અને હવે પછી અવિરત ચાલુ રહેશે.





# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



✍ નેહલ ગઢવી

### રાજય કક્ષાના હેલ્થ ચેકઅપ કેમ્પમાં 'અંકુર' શાળાનું પ્રતિનિધિત્વ :



**આઝાદી કા અમૃત મહોત્સવ** અંતર્ગત અમદાવાદ સ્થિત કર્ણાવતી યુનિર્વસિટી ખાતે તા. ૬ એપ્રિલ થી ૭ એપ્રિલ દરમ્યાન બે દિવસ દરમિયાન સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત દ્વારા **મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં 'અંકુર' શાળાના કુલ ૫૩ બાળકોનું ચેકઅપ કરવામાં આવેલ, આ મેગા મેડિકલ ચેકઅપ કેમ્પનું સમાપન વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ પૈકીનું એક એવા મોટેરા સ્ટેડિયમ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવેલ તથા મેગા મેડિકલ ચેકઅપ કેમ્પને ગ્રિનીઝ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે નોમિનેટ કરવામાં આવેલ. સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત દ્વારા કરવામાં આવેલા સુંદર મેગા મેડિકલ કેમ્પમાં 'અંકુર' શાળાએ ભાગ લઈ ગૌરવ પ્રાપ્ત કરેલ.

### પ્રભુવંદના :



તા. ૨૫ માર્ચ '૨૨ ના રોજ સંસ્થાના કાયમી દાતા તથા શુભેચ્છક શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના પિતા સ્વ. શ્રી જયંતિલાલ દુર્લભજીભાઈ દેસાઈ તથા માતા સ્વ. શ્રીમતી વસંતબેન જયંતિલાલ દેસાઈ, તેમજ પત્નિ સ્વ. શ્રી થોરુનબેનના આત્મશ્રેયાર્થે પ્રભુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના ડૉ. ભાવનાબેન અંધારિયા, શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો દ્વારા શ્રધ્ધાંજલિ અર્પેલ.

## સ્લો લર્નર

સિલ્વર બેલ્સ સ્કૂલ, ભાવનગર દ્વારા તા. ૧ એપ્રિલ ના રોજ સિલ્વર બેલ્સ સ્કૂલના પ્રિ-પ્રાયમરી તેમજ પ્રાયમરી સ્કૂલના ટિચર્સ માટે **લર્નિંગ ડિસેબિલિટી** વિષય પર એક ટીચર્સ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક્ષપર્ટ ફેકલ્ટી તરીકે સી.પી. સ્કૂલ, ભાવનગરના ઈ. પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી અને શ્રી રાજવીબેન કક્કડે હાજરી આપી હતી. વર્કશોપમાં બાળકોને કઈ રીતે ઓળખવા, તેમજ આવી લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોના પ્રકારો જેમ કે ડિસ્લેકિસયા, ડિસગ્રાફિયા, ડિસેકેલકયુલિયા વિષે પ્રેઝન્ટેશન દ્વારા સમજાવ્યું હતું. ત્યારબાદ આવા બાળકોની ઓળખ કરવા માટેના સ્ક્રીનિંગ ટૂલની સમજણ આપી હતી. પ્રેઝન્ટેશન શ્રી રાજવીબેન કક્કડ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. આ ટીચર્સ ટ્રેનિંગ સેશનના અંતમાં આ સ્કૂલના શિક્ષકો સાથે આવી લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોનું ઉપચારાત્મક શિક્ષણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં સિલ્વર બેલ્સ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી ભૂમિબા ગોહિલ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સ્લિવર બેલ્સ સ્કૂલના ડાયરેકટર શ્રી અમરજ્યોતિ મેડમ દ્વારા શ્રી જીજ્ઞાબેન સોલંકી અને શ્રી રાજવીબેન કક્કડને મોમેન્ટો આપવામાં આવ્યો હતો.



# દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ

## દબંગ કિક બોક્ષર : ડિન્કલ ગોરખા

ત્રણ વર્ષની વયે એક ભયંકર અકસ્માતમાં પગમાં ક્ષતિ પામેલા, ખોડંગાતી ચાલવાળી બાલિકાને જોઈ બાળકો તેણીને ખીજવતા પણ હવે એ જ ડિન્કલ ગોરખાને સન્માનપૂર્વક **ડિન્કુ બોક્ષર** કહે છે.

ડાબા પગે ખોડ ધરાવતી આ સોળ વર્ષની યુવતીએ કિક બોક્ષીંગમાં **યલ્લો બેલ્ટ** મેળવેલ છે. ઓલિમ્પિક વિજેતા મેરી કોમની બાયોપીક મૂવી **મેરી કોમ** જોઈને તેને પ્રેરણામૂર્તિ બનાવી, બોક્સિંગ રીંગનો સંઘર્ષ શરૂ કર્યો. ચાર વર્ષ બોકિસીંગ કલાસમાં તાલીમ લીધી. સ્વજનોએ આવી ખતરનાક રમતમાં ભાગ ન લેવાની શીખામણ ઉપર જઈને, અસહ્ય પીડા સામે પેઈન કિલરની ગોળીઓ ખાઈને પેઈન મેનેજ કરતાં શીખી ગઈ અને કિક મારવા ડાબા પગનો ઉપયોગ કરતી અને 'યલ્લો બેલ્ટ' મેળવ્યો. કોચ સિધ્ધાર્થ ભાલગરની નીચે તાલીમ લઈ, ખેલ મહાકુંભમાં સ્ટેટ લેવલની પ્રતિ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે, ખરાબ સંજોગો, બંને પગે વિકલાંગતાવાળી ડિન્કલની માતાને દારૂ વેચવાનો હલ્કો ધંધો કરવો પડતો, તેથી મુશ્કેલી વધતી. કોચની તાલીમ અને સ્પોટસના સાધનો ખરીદવા નાણાં ન હતાં. તેની બહેન ખુશી કહે છે કે, 'ડિન્કલ ધાકડ છે તેની સફળતાને કોઈ રોકી નહીં શકે.'

# દિવ્યાંગ લાભાર્થીઓને સહાયમાં ઈજાફો

રાજ્ય સરકારની સંત સુરદાસ યોજનાના દિવ્યાંગ લાભાર્થીઓને એપ્રિલ-'૨૨ થી માસિક રૂા. ૬૦૦/- માં રૂા. ૪૦૦/- નો વધારો કરી કુલ રૂા.૧૦૦૦/- માસિક સહાય આપવામાં આવશે, તેવો ઠરાવ ગુજરાત સરકારે કરેલ છે.

ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજનામાં દિવ્યાંગ લાભાર્થીઓને રૂા. ૩૦૦/- રાજ્ય સરકાર અને રૂા. ૩૦૦/- ભારત સરકારના એમ કુલ મળી રૂા. ૬૦૦/- માસિક સહાય આપવામાં આવે છે, જેમાં રાજ્ય સરકાર તરફથી રૂા. ૪૦૦/- નો વધારો કરી રાજ્ય સરકાર તરફથી કુલ રૂા. ૭૦૦/- માસિક સહાય આપવાનું જણાવેલ. આમ, **ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના**માં ભારત સરકારના રૂા. ૩૦૦ + રાજ્ય સરકારના રૂા. ૭૦૦/- એમ કુલ રૂા. ૧૦૦૦/- મળવાપાત્ર રહેશે. આ સહાયનો અમલ તા. ૧-૪-'૨૨ થી કરવામાં આવશે.

(વધુ પાના નં. ૨૧ ઉપર)

## નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલા પુસ્તકો

| પુસ્તકનું નામ | લેખક/સંપાદન | પબ્લિકેશન | પુસ્તકનું નામ | લેખક/સંપાદન | પબ્લિકેશન |
|---|---|---|---|---|---|
| ભાગ્ય સૌભાગ્ય | હરકિશન મહેતા | પ્રવિણ પુસ્તક ભંડાર | કૃષ્ણાયન | કાજલ ઓઝા વૈદ્ય | zen opus |
| વંશ વારસ | | | રેવોલ્યુશન 200 | ચેતન ભગત | આર. આર. શેઠ |
| ભાગ-1-2-3 | હરકિશન મહેતા | પ્રવિણ પુસ્તક ભંડાર | | | એન્ડ કંપની |
| આશકા માંડલ | અશ્વિની ભટ્ટ | સાર્થક પ્રકાશન | વન એરેંજડ મર્ડર | ચેતન ભગત | આર. આર. શેઠ |
| નીરજા ભાર્ગવ | અશ્વિની ભટ્ટ | સાર્થક પ્રકાશન | | | એન્ડ કંપની |
| લજ્જા સન્યાલ | અશ્વિની ભટ્ટ | સાર્થક પ્રકાશન | હાફ ગર્લફ્રેન્ડ | ચેતન ભગત | આર. આર. શેઠ |
| કરામત | અશ્વિની ભટ્ટ | સાર્થક પ્રકાશન | | | એન્ડ કંપની |
| ફાસલો ભાગ-1-2 | અશ્વિની ભટ્ટ | સાર્થક પ્રકાશન | શ્યામ એક વાર | | |
| શૈલજા સાગર | અશ્વિની ભટ્ટ | સાર્થક પ્રકાશન | આવોને આંગણે | દિનકર જોષી | - |
| મનનો માળો | ડૉ. આઈ.કે. | આર. આર. શેઠ | પિંજર | અમૃતા પ્રિતમ | અરુણોદય પ્રકાશન |
| | વીજળીવાળા | એન્ડ કંપની | | | |
| શબ્દની સુગંધ | ડૉ. આઈ.કે. | આર. આર. શેઠ | | | |
| | વીજળીવાળા | એન્ડ કંપની | | | |
| ભાવોની ભીનાશ | ડૉ. આઈ.કે. | આર. આર. શેઠ | | | |
| | વીજળીવાળા | એન્ડ કંપની | | | |
| સાયલન્સ પ્લીઝ | ડૉ. આઈ.કે. | આર. આર. શેઠ | | | |
| | વીજળીવાળા | એન્ડ કંપની | | | |
| સત્ય અસત્ય | કાજલ ઓઝા વૈદ્ય | zen opus | | | |
| રાગ વૈરાગ | કાજલ ઓઝા વૈદ્ય | zen opus | | | |

## એપ્રિલ મહિના દરમ્યાન નવા આવેલા પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર | | |
|---|---|---|---|
| | | રાગ વૈરાગ | નવલકથા |
| શૈલજા સાગર | નવલકથા | કૃષ્ણાયન | નવલકથા |
| મનનો માળો | નવલકથા | દ્રૌપદી | નવલકથા |
| શબ્દની સુગંધ | નવલકથા | શુક્ર મંગળ | |
| ભાવોની ભીનાશ | નવલકથા | ભાગ - ૧,૨ | નવલકથા |
| સાયલન્સ પ્લીઝ | નવલકથા | અગ્નિ કન્યા | નવલકથા |
| સત્ય અસત્ય | નવલકથા | તત્વમસી | નવલકથા |

(વધુ પાના નં. ૨૦ ઉપર)

# દિવ્યાંગ વિદ્યાર્થીઓને, દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા બાબત

ધો. ૯ થી ૧૨ ના દિવ્યાંગ વિદ્યાર્થીઓને 'દિવ્યાંગ અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ૪૯) ની જોગવાઈ' અનુસાર દિવ્યાંગ વિદ્યાર્થી સક્ષમ સત્તાધિકારીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરે તો, દિવ્યાંગ વિદ્યાર્થીની જરૂરિયાત અને વાજબીપણા મુજબ વિશેષ સવલતો આપવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

**વિષય પસંદગીમાં છૂટછાટ :**

- દિવ્યાંગ વિદ્યાર્થીઓની દિવ્યાંગતા અનુસાર અને આવશ્યકતા મુજબ બોર્ડની લેખિત પરીક્ષામાં વિષય પસંદગીની, વિષય/ વિષયોમાં મુક્તિ અને છૂટછાટ મળવાપાત્ર છે.
- શ્રવણક્ષતિ, વાકક્ષતિ, બધિરાંધ, સ્પેસિફીક લર્નિંગ દિવ્યાંગતા (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), બહુવિકલાંગતા, તીવ્ર શ્રવણક્ષતિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને માત્ર પ્રથમ ભાષા (માતૃભાષા) એટલે કે ઉચ્ચસ્તરીય ભાષા સિવાયની ભાષાઓમાંથી મુક્તિ આપવામાં આવે છે પરંતુ ધો. ૧૦ માં કુલ ૭ (સાત) વિષયો ફરજિયાત લેવાના હોય છે. જે માટે જૂથ-૨ માંથી એક કરતાં વધુ વિષયો પસંદ કરી શકે છે. જેમ કે,
- **જૂથ-૧ :** ફરજિયાત વિષયોમાંથી કોઈ એક ભાષા પસંદ કરવાની રહશે. (ઉદા. તરીકે ગુજરાતી)
  ત્રણ વિષયો ફરજિયાત પસંદ કરવાના રહેશે. ૧. વિજ્ઞાન અને ટેકનોલોજી, ગણિત, સામાજિક વિજ્ઞાન
- **જૂથ-૨ :** મરજિયાત વિષયોમાંથી કોઈ એકને બદલે ત્રણ વિષયો પસંદ કરી શકાશે. (ઉદા. ચિત્રકલા, ગૃહવિજ્ઞાન, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ)
- સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, બધિરાંધ, માનસિક દિવ્યાંગ (M.R.) સ્પેસિફીક લર્નિંગ દિવ્યાંગતા (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ ધો. ૧૦માં ગણિત વિષયમાં મુક્તિ રાખવા ઈચ્છે તો રાખી શકે છે. અને જૂથ-૨ મરજિયાત વિષયોમાંથી એકને બદલે વધુ વિષયો પસંદ કરી શકશે. પરંતુ ધો. ૧૦માં કુલ-૭ (સાત) વિષયો ફરજિયાત લેવાના રહે છે.
- બોર્ડની જાહેર લેખિત પરીક્ષામાં દ્રષ્ટિહીન, બધિરાંધ અને અલ્પદ્રષ્ટિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને આકૃતિ, નકશા અને ગ્રાફ દોરવાના હોય તેવા પ્રશ્નોમાં અન્ય વૈકલ્પિક પ્રશ્નો આપવામાં આવે છે. (ઉદા. ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ)
- ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં જૂથ-૩ માં દરેક વિદ્યાર્થીઓએ બે વિષય લેવાના થાય છે. જેમાં શ્રવણક્ષતિ, વાકક્ષતિ, બધિરાંધ, બહુવિકલાંગતા, સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, મંદબુધ્ધિતા, સ્પેસિફીક લર્નિંગ ધરાવતા (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia) તીવ્ર શ્રવણક્ષતિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી નિવારવાના હેતુથી ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ઉપરોક્ત દિવ્યાંગ વિદ્યાર્થીઓને જૂથ-૩ ના બે વિષયને બદલે એક વિષય લેવાનો અને જૂથ-૪માં ત્રણને બદલે ચાર વિષયો પસંદ કરવાની છૂટછાટ મળવાપાત્ર છે.

**પરીક્ષા ફી :**

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ૪૯) ના પરિશિષ્ટ-૧માં જણાવેલ ૨૧ પ્રકારની દિવ્યાંગતાઓ ધરાવતા વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો. ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાની ફીમાંથી સંપૂર્ણ માફી આપવામાં આવે છે.

**પરીક્ષા કેન્દ્ર ખાતે કરવાની થતી ભૌતિક સુવિધાઓઃ**

- ધો. ૧૦ અને ૧૨ની જાહેર લેખિત પરીક્ષામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓના રહેઠાણથી નજીક હોય તેવા પરીક્ષા કેન્દ્રની ફાળવણી કરવામાં આવે છે. પરીક્ષા કેન્દ્રમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ગ્રાઉન્ડ ફ્લોર (ભોંયતળિયે) પર બેઠક વ્યવસ્થા.
- દિવ્યાંગ પરીક્ષાર્થીને અનુરૂપ ફર્નિચર જેવું કે, બેંચ, ચેર, ડેસ્ક, ટેબલ ઈત્યાદી તેમજ સુગમ્ય શૌચાલય સુવિધાવાળુ કેન્દ્ર હોય તેવી વ્યવસ્થા.
- જે-તે જિલ્લામાં ભૌતિક સુવિધા ધરાવતી કાર્યરત વિશિષ્ટ શાળાઓને પણ પરીક્ષા કેન્દ્ર તરીકે રાખી શકાય છે.

**વધુ આવતાં અંકમાં...**

**(પાના નં. ૧૯ થી ચાલુ)**

## નટરાજ ખાતે એપ્રિલ મહિના નવા આવેલા પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| બોરસલ્લીની પાનખર | નવલકથા |
| સંભારણાની સફર | નવલકથા |
| અત્ર તત્ર સર્તત્ર | નવલકથા |
| ડોલર વહ | નવલકથા |
| મનની વાત | નવલકથા |
| તમેજ તમારૂ અજવાળું | નવલકથા |
| મહાશ્વેતા | નવલકથા |
| દ્વંદ્વ | નવલકથા |
| રેવોલ્યુશન - ૨૦૨૦ | નવલકથા |
| વન એરેંજડ મર્ડર | નવલકથા |
| હાફ ગર્લફ્રેન્ડ | નવલકથા |
| શ્યામ એક વાર આવોને આંગણે | નવલકથા |
| સોક્રેટિસ | નવલકથા |
| પિંજર | નવલકથા |
| ઝાકળ ભીના પારિજાત | નવલકથા |
| કાર્ડિયોગ્રામ | નવલકથા |
| પેરેલિસિસ | નવલકથા |

# ૧ થી ૩૦ એપ્રિલ '૨૨ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR
HOPE 4 ALL

### 80-G

| Name | Rs. |
|---|---|
| Shri Prerit Prafulbhai Mehta - Mumbai | 11,000 |
| Shri Maulikbhai Kankoshiya - Bhavnagar | 1,500 |
| Shri Taraben Usamuddin Allabakas - Mumbai | 2,000 |
| Shri Ajaybhai Harshadbhai Shah - Bhavnagar | 2,505 |
| Shri Pareshbhai Pandya - Bhavnagar | 1,500 |
| Shri Rajendrabhai M.Vanjara - Bhavnagar | 75,000 |
| Shri Aakeen Sohil Shah - Mumbai | 50,000 |
| Shri Hitenkumar Gunvatrai Pandya - Bhavnagar | 1,500 |

### CSR

| Name | Rs. |
|---|---|
| Galiakotwala Engineering Co. Pvt Ltd - Mumbai | 4,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Name | Rs. |
|---|---|
| Shri Jay Adinath Bhakti Group - Bhavnagar | 5,000 |
| Shri Anilbhai H. Shah - Bhavnagar | 5,000 |
| Shri Damyantiben A. Shah - Bhavnagar | 5,000 |
| Shri Ila Naresh Shah - Mumbai | 5,000 |
| Shri Jagdishbhai Dashrathsinh Chudasama - Ahmedabad | 1,000 |
| Shri Jyotiben Harshadray Shah - Bhavnagar | 10,000 |
| Shri Jat Jaysukhbhai Chabhadiya - Surat | 2,510 |
| Late Kusumben Kiritkumar Pandya - Bhavnagar | 10,000 |
| Shri Anandba Ramdevsinh Gohil - Avaniya | 9,000 |
| Shri Parthbhai Nareshkumar Shah - Bhavnagar | 7,160 |
| Shri Maheshbhai Shirsagar - Bhavnagar | 1,000 |
| Shri Jayeshkumar N. Vakani - Junagadh | 2,000 |
| Shri Pravinchandra Bavchand Shah - Bhavnagar | 1,100 |
| Shri Dr. Jaswantray Gokaldas Parekh - Bilimora | 5,000 |

| | |
|---|---|
| Late Ilaben Prakashbhai Vacchani - Bhavnagar | 15,000 |
| Late Vandanaben Vijaykumar Dave - Bhavnagar | 4,000 |
| Late Hansaben Tulsibhai Gohil - Sihor | 5,000 |
| Late Tejasbhai Mansukhbhai Rathod-Bhavnagar | 5,000 |
| Shri Kuldeep Naval Kishor Pandya - Bhavnagar | 10,000 |
| Late Lehrubha Mansinh Gohil - Bhavnagar | 10,900 |
| Shri Nileshbhai Nagjibhai Nathani - Bhavnagar | 14,000 |
| Shri Dilharba Wala - Bhavnagar | 6,300 |
| Shri Rajendrasinh Natubha Chudasama - Bhavnagar | 5,000 |
| Shri Samratba Laljibhai Mokani - Bhavnagar | 5,000 |
| Shri Chandrika Ashokkumar Vyas - Mumbai | 1,000 |
| Shri Ketanbhai Rameshbhai Jethva - Bhavnagar | 3,001 |
| Shri Savitaben Somchandbhai Shah - Bhavnagar | 7,000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| Name | Rs. |
|---|---|
| Shri Naynaben A. Jhaveri - Vadodara | 25,000 |
| SOL Mobile Pvt Ltd. - Mumbai | 22,000 |
| Shri Linaben Rameshbhai Vaghela - Talaja | 6,000 |
| Shri Jaypalsinh Jilubhai Gohil - Bhavnagar | 5,700 |
| Shri Charuben Rajnikant Kankiya - Savarkundla | 5,000 |
| Shri Harsh Nayanchandra Mer - Bhavnagar | 5,000 |
| Shri Kishorbhai Sanghvi - Mumbai | 5,000 |
| Parasbhai Madhavjibhai Parmar - Talaja | 3,000 |
| Shri Hardipbhai Jitubhai Kamliya - Bhavnagar | 3,000 |
| Shri Meghajikhan K. Saybani - Bhavnagar | 3,000 |
| Shri Parulben B. Pathak - Bhavnagar | 3,000 |
| Shri Reshmaben Anantray Shah - Bhavnagar | 3,000 |
| Shri Ashiyaben Abdulsatarbhai - Bhavnagar | 1,100 |
| Shri Nensiben Sharadbhai Padiya - Bhavnagar | 1,000 |
| Shri Hiteshbhai B. Joshi - Bhavnagar | 1,000 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |
| Rehmanbhai Valibhai Jethva - Bhavnagar | 1,000 |

## દિવ્યાંગોની સાફલ્ય ગાથા

### ક્રિકેટમાં ઈન્કલુઝનની સફળતા

૧૬ વર્ષના મૂક-બધિર ખેલાડી ક્રિસ પ્રજાપતિના હાથમાં દડો આવે કે તરત જ તે બોલિંગ લાઈન પર દોડી શકરા બાઝની જેમ કેપ્ટનના હાથના ઈશારાને પકડી, સુચના સમજી ફાંફડી બોલિંગ કરે છે અને ટીમના સાથીદારો તેની બોલીંગની સ્ટાઈલને તાલીઓથી વધાવી લે છે. ''હું તમને સમજાવી નથી શકતો કે સમધારણ ખેલાડીઓ સાથે, પ્રતિસ્પર્ધાત્મક ક્રિકેટ રમવામા મને કેટલી થ્રિલ થાય છે. હું મારા તરફથી સંપૂર્ણ પ્રયત્ન કરું છું અને રમતમાં જ એકાગ્ર રહું છું.'' બરોડા ક્રિકેટ એસોશિએશનના આ ખેલાડી સંકેત ભાષામાં **ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**ના પ્રતિનિધિને કહે છે. આ

(પાના નં. ૧૯ થી ચાલુ)

ઓલરાઉન્ડર ક્રિકેટરના પિતા શ્રી મનિષ પ્રજાપતિ પાટણથી ક્ષમતાના વિકાસ માટે તેના દિકરા ક્રિસને વડોદરા લાવ્યા. મનિષે મૂક બધિર ટીમના ભૂતપૂર્વ કપ્તાન ઈમરાન શેખનો સંપર્ક સાધ્યો. અને તેણે ક્રિસને પોતાના ઘરે રાખીને તાલીમ આપી. છેલ્લી સિઝનમાં ક્રિસે સિલેકશન મેચમાં બેટ એન્ડ બોલ સાથે સરસ દેખાવ કર્યો. તેણે વિકેટ પણ લીધી અને ૩૦-૪૦ રન પણ કર્યાં. બી.સી.એ.ના અન્ડર ૧૬ ના કોચ શ્રી તુષાર અથોરે કહ્યું કે, 'ક્રિસને ચર્ચા-વિચારણામાં અને રણનીતિ સમજાવવામાં તકલીફ તો છે, પણ સાથીઓના સહકારથી બધું શકય બને છે આમ સતત તેનું પરર્ફોમન્સ ચાલુ રહેશે, તો વિશ્વ ક્રિકેટરમાં તે નામના મેળવશે.'

**- સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

# દિવ્યાંગો દ્વારા હર્ષોલ્લાસ સાથે ફાગુનોત્સવ-૨૦૨૨ની ઉજવણી

PNR સોસાયટી ભાવનગર સંચાલિત નટરાજ સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો) ધરાવતા બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ તથા સાર-સંભાળ માટેની સંસ્થા ખાતે, તા. ૭ એપ્રિલ-૨૨ ગુરુવારના રોજ **ફાગુનોત્સવ-૨૦૨૨** નો કાર્યક્રમ હર્ષોલ્લાસસહ સંપન્ન થયેલ. ફાગણની ફોરમ સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા તેઓની ધૈર્યવાન, તેમજ સમર્પિત સુષુપ્ત ક્ષમતાઓને અભિવાદન કરવા માટે દિવ્યાંગો દ્વારા તૈયાર કરેલ મનોરંજનના થાળનો રસાસ્વાદ હાજર સૌ કોઈએ માણ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી મુકેશભાઈ જોધવાણી, ડૉ. ધવલભાઈ સોલંકી, શ્રી અમર જ્યોતિબા (સિલ્વર બેલ્સ સ્કૂલ), શ્રી અંબિકાબેન ટેકરીવાલ તથા સંસ્થાના ટ્રસ્ટીઓ વગેરે ઉપસ્થિત રહેલ. મનોરંજનથી ભરપૂર રંગારંગ કાર્યક્રમ સી.પી., ઓટિઝમ, મલ્ટિપલ ડિસેબિલિટી અને સમધારણ બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો. જેઓ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં અભ્યાસ કરે છે, આ કાર્યક્રમની સાથો-સાથ સંસ્થાના વિચાર બીજના વિઝનરી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) ના ૮૮ માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેઓએ આ પ્રસંગે આશીર્વચન આપેલ. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ શાર્તુલ ફાઉન્ડેશન-મુંબઈ દ્વારા અપાયેલ આર્થિક સહાયમાંથી રોકડ તથા એવોર્ડ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે અર્પણ કરાવ્યા હતાં.

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાનો પ્રવાસ

## પાંચ બસ, ૩૧૦ લાભાર્થી બાળકો અને માતાઓનો ઐતિહાસિક પ્રવાસ

જીવન એક યાત્રા છે, કોઈની સારી, મઝાની, મસ્ત, આરામદાયક, સુવિધાયુકત, પડકાર વગરની, સપના જેવી, સ્વર્ગ જેવી, તો પણ થોડી ફરિયાદ જેવી. તો કોઈની વિચિત્ર ન ગમે એવી, સંઘર્ષ, માથાકુટ, મારઝૂટ, પીડાથી ભરપૂર, સપના વિનાની, પીડાદાયક, ભવિષ્યના અંધકારને રોજ પડખામાં લઈને સુવાનું, કાળઝાળ ઉનાળા જેવી, હળાહળ ઝેર જેવી, રોજ આત્મહત્યા કરવાની ઈચ્છા થાય એવી, સમાજમાં આવી યાત્રા કરતાં અનેક લોકો વચ્ચે આપણે રહીએ છીએ. સભ્યતા પાસે પુરુષની ઘડિયાળ અને સ્ત્રીની ઘડિયાળ જુદી છે અને તેમાં પણ જો સ્ત્રી એક માતા હોય અને એ પણ મંદબુધ્ધિ બાળકની માતા તો વાત જ કરવાની હોય ? તેને ખૂશ રહેવાનો અધિકાર તો ઈશ્વર પણ ભૂલી ગયો છે. આપવાનો તો સમાજ આપે ? હા, આપે. 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાએ આ અધિકાર આપ્યો અને એ પણ માતા તરીકેની ફરજ બજાવાની સાથે જ. પૃથ્વી પર માર્ચ મહિનો સ્ત્રીઓની મહિમાનો મહિનો છે. Women's Day પર હેસટેગ ચલાવીએ Me Time 'અંકુર' શાળાએ Me Time કહ્યો નહીં, માર્ચમાં આવ્યો. તા. ૧૯-૩-૨૨ થી ૩૦-૩-૨૨ ૧૧ દિવસનો અનોખો પ્રવાસ બાળક અને તેની મા સાથેનો આયોજીત કર્યો, જેમાં શ્રીનાથજી, ઉદયપુર, જયપુર, દિલ્હી, આગ્રા, હરીદ્વાર, મસુરી, ઋષિકેશ, અંબાજી લઈ જવામાં આવ્યાં હતાં. કેટલાય દાતાઓએ દૂર રહીને અમારો સાદ સાંભળ્યો. જે માતા ૩૫, ૪૫, ૭૦ વર્ષમાં કયારેય બહાર નિકળી ના હતી, એવી સ્ત્રીના શ્રવણ બની તેને આવી નોખી જાત્રા કરાવી. આ મંદબુધ્ધિ બાળક આનંદના સહભાગી થયા. જેમાં પાંચ બસ ભરીને ૩૧૦ લોકો સાથે તેમને ગમતા ભોજન અને



ભજન સાથેની યાત્રા સુખરૂપ, પરિપૂર્ણ કરી હતી. આ પ્રવાસ દરમ્યાન કોઈએ જીવનમાં પહેલીવાર પંજાબી સુટ પહેર્યો, તો કોઈએ જીવનમાં ત્રણ ટાઈમ રોજ પહેલીવાર ખાધું હતું, તો કોઈ બસમાં પહેલીવાર બેઠા, ગંગા સ્નાનમાં કોઈએ દીકરાનું, તો કોઈએ પત્નીનું, કોઈએ દીકરાની વહૂનું તર્પણ કર્યું. કોઈની ત્રીજી પેઢીમાં પહેલીવાર કોઈએ ગંગા સ્નાન કર્યું, તો પહેલીવાર સ્ત્રીએ ખરીદી, બજારમાં પોતાના ખુલ્લા હાથે કરી. તેના હાથમાં ઘરની સાવરણી ના હતી અને ના તો મંદબુધ્ધિ બાળકોની જવાબદારી હતી. તે દરમ્યાન દરેક બાળકને શિક્ષકોએ સંભાળ્યાં હતાં. આ યાત્રામાં ઈશ્વર અમારી સંભાળ લેતો હોય એવા અનેક અનુભવ થયા. ''હર કી પોડી'' માં તેની ભીડમાં એ આરતીમાં જયાં માનવ મહેરામણનો વિસ્ફોટ હોય તેવામાં એક પણ બાળક કે તેની મા ગૂમ થયા હોય, શોધવા પડયાં હોય એવો એક પણ દાખલો નહીં. ગંગા સ્નાનમાં જાણે કે ગંગા આ બાળકો અને તેની માતાને શાતા આપવા ઉછળી રહી હોય એવી લહેરો લાગતી હતી. માર્ચના છેલ્લા મહિનામાં બધા ટેકસ ભરાય. એ રીતે અનેક દાતા અને 'અંકુર' સંસ્થાના ટ્રસ્ટીઓ, શિક્ષકો, કાર્યકરોએ માણસનો અવતાર લીધો, તેનો ટેકસ ભરી ઈશ્વરના ચોપડે બધું જ સરખું કર્યું હતું. આ યાત્રામાં સહભાગી બની ઈશ્વરના ચોપડે લાભ-ગેરલાભની તપાસ થઈ ગઈ. આ રીતે માનવતામાં રોકાણ કરીને માનવ હોવાનું ઋણ ચૂકવ્યું હતું.



Shri Vamanbhai Parekh got the Lifetime Achievement Award by Shri Piyush Goyal (Honourable Minister of Commerce & Industry, Government of India)




## દિવ્યાંગો દ્વારા હર્ષોલ્લાસ સાથે ફાગુનોત્સવ-૨૦૨૨ની ઉજવણી










## 'અંકુર' શાળા હરિદ્વાર પ્રવાસ



Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 May - 2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com